

# અધ્યાત્મ

વર્ષ : ૧૭

અંક : ૭

એપ્રિલ–૧૯૯૬

## * જ્ઞાની અને અજ્ઞાનીનાં કર્મમાં ફેર ખરો? *

અજ્ઞાની અહંભાવથી કર્મ કરે છે; પણ જ્ઞાનીને અહંભાવ નથી. અજ્ઞાની કર્મના ફ્લથી સુખી ને દુઃખી થાય છે; પણ જ્ઞાની કર્મના ફ્લમાં સમતા રાખે છે. અજ્ઞાની સંસારમાં ભાન ભૂલી કે ડૂબી જાય છે. જ્ઞાની તેમાં ડૂબતો નથી, પણ કમળની જેમ અલગ ને અલગ રહે છે. અજ્ઞાની કર્મના નશામાં આવી જઈને ભાન ભૂલી જાય છે. કર્મ શાને માટે છે તેને તે ભૂલી જાય છે. જીવનના ધ્યેયની તેને વિસ્મૃતિ થાય છે. જ્ઞાનીને કર્મનો કેફ ચડતો નથી. કર્મના નશામાં તે કદાપિ ભાન ભૂલતો નથી. આ સંસારમાં પોતાનું જીવન શાને માટે છે, ને પોતે શું કરવાનું છે, તેને તે યાદ રાખે છે. જીવનની સિદ્ધિ કે ઈશ્વરની પ્રાપ્તિ માટે તે કર્મ કરે છે, ને યોગ્ય કર્મ કરીને જીવનની સિદ્ધિ કરી લે છે. અજ્ઞાની કોઈ લૌકિક કામનાને પૂરી કરવા કર્મ કરે છે; પણ જ્ઞાનીનાં કર્મ ઈશ્વર માટે થતાં હોય છે. જ્ઞાની પ્રભુ–પ્રીત્યર્થે જ કર્મ કરે છે. માણસ કર્મ કરે છે તેની ના નથી પણ તેણે જ્ઞાની બનીને કર્મ કરવાનાં છે, વિવેકને જાગ્રત રાખીને જ કર્મ કરવાનાં છે. માણસો કર્મ કરે છે, પણ વિવેકને ગીરો મૂકીને, ના કરવા જેવાં કામ પણ તે કરે છે. પરિણામે તેમને ને બીજાને તે કર્મો ક્લેશકારક થાય છે. માણસને તે મજબૂત બંધનમાં બાંધી દે છે, ને દુઃખ આપે છે.

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫–૦૦
વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફ્રોન ૪૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રીમદ્ભાગવત જ્ઞાનયજ્ઞની સમાપ્તિ | નારાયણ હ. જાની | ૧૦ |
| ઈશ્વર સાન્નિધ્યની સાધના | યશસ્વીભાઈ ય. મહેતા | ૧૭ |
| શી નિયતિ! | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૨૧ |
| શ્રીરામકૃષ્ણ પરમહંસ | માસ્ટર મહાશય | ૨૩ |
| કેટલાક પ્રેરક પ્રસંગો | કૃષ્ણવદન શાહ | ૨૯ |
| ૧૨ મા લીલા સંવરણદિનની ઉજવણી | તંત્રી | ૪૧ |
| સંદેશો-મૌનનો | સુરેશભાઈ શાહ | ૫૦ |
| નવા મકાનની સોંપણી | — | ૫૨ |
| શ્રીઈંદિરાદેવી-(૨) | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૩ |
| બલિહારી વિભુની | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૬૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૭ એપ્રિલ-૧૯૯૬ અંક : ૭


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૯-૫-૮૧, શનિવાર, વૈશાખ સુદ છઠ, ૨૦૩૭,**
**સ્થળ : ૮૯, કોટયાર્કનગર, રાંદેર રોડ, સુરત-૯**

આજે નિત્યનિયમ મુજબ સવારે બધાં જ કામો થયાં. સમયસર સ્નાન, સમયસર વ્યાયામ, સમયસર દૂધ પીવું ને સમયસર લેખનકાર્યનો ક્રમ-બધું જ નિયમિત. અરે! અતિનિયમિત ચાલ્યો.

પૂ. શ્રી બરાબર સાડા અગિયારે ભોજન લેવા બેસી જાય છે. સર્વેશ્વરી પણ એમની સાથે જ ભોજન લે છે.

ભોજનબાદ મુલાકાત શરૂ થાય છે. આજે મુલાકાત શરૂ થતાં જ પૂ. શ્રી ડાયરીનું એક પાનું વંચાવે છે. સર્વેશ્વરી એક દિવસની વિગતવાર નોંધ વાંચે છે. ત્યાં શ્રી ભટ્ટસાહેબ એક પ્રશ્ન પૂછે છે.

**પ્રશ્ન :** વિધિસર ઉપવાસો કયી રીતે થઈ શકે?

પૂ. શ્રી એનો વિસ્તૃત જવાબ આપે છે. ત્યાં વળી એક અસ્થિર મગજનાં બેને વિવિધ પ્રશ્નો પૂછી પૂ. શ્રીનો પોણો કલાક બગાડયો. બગાડયો એના કરતાં પૂ. શ્રીએ તેને બને તેટલો સુધાર્યો, એમ કહી શકાય. ત્યારબાદ એક ભાઇ પ્રશ્ન પૂછે છે.

**પ્રશ્ન :** સાઇબાબા મારા ગુરુ છે. મને માર્ગદર્શન મળે જ છે. પણ તમે પણ મારા ગુરુ બની શકો ખરા?

**પૂ. શ્રી :** હું કોઇનો ગુરુ નથી. મારે બનવાનું પણ નથી. તમે શ્રદ્ધાથી એકલવ્યની જેમ ગુરુભાવ રાખો તો તેમાં અમારે કાંઇ કરવાનું રહેતું નથી.

તમે સાંઇબાબા ને યોગેશ્વરજીને એક જ માનો. તેની તસ્વીર રાખો. તસ્વીર ઘણાં કામો કરશે.

આજે મુલાકાતનો સમય પેલાં બેને જ લઇ લીધો. એટલે એકાદ બહેને એક પ્રશ્ન પૂછ્યો. પછી સમય પૂરો થઇ ગયો.

**પ્રશ્ન :** જપ કરવામાં ગણતરીની જરૂર ખરી?

**પૂ. શ્રી :** ગણતરીની જરૂર તો છે જ. સમયની અથવા જપની ગણતરી તો રાખવી જ.

સમય થતાં સૌ પ્રણામ કરી પ્રસાદ લઇ વિદાય થયાં. આજે જ શ્રી પ્રભુભાઇ વૈદ્ય સહિત ઘણાં ઘણાં નવા આવનારાં હતાં. આજે થોડીવાર પૂ. શ્રી વધારે બેઠા. ત્રણ વાગે બાકીનો સેવકવર્ગ વિદાય થયો.

પૂ. શ્રીએ આરામ કર્યો, થોડું લેખનકાર્ય કર્યું, ને સમયસર પ્રવચનમાં પહોંચી જવાયું. આજનું પ્રવચન છેલ્લું હતું. પ્રવચન બાદ ચારેક વ્યક્તિઓએ આભારદર્શન કર્યું. જેમાં શ્રી દીનાબેન ઘડિયાળી, શ્રીભટ્ટ સાહેબ, શ્રી ઈશ્વરભાઇ કડીવાળા તથા શ્રી અતિસુખભાઇના વ્યક્તવ્યો નીચે મુજબ હતાં:–



## અતિસુખભાઇનું વક્તવ્ય

પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજી, મા શ્રી સર્વેશ્વરી,

બહેનો અને ભાઇઓ,

જ્યારે પરમાત્માની અસીમ કૃપા થાય છે ત્યારે માનવ સત્સંગ કરે છે. એ સૂત્ર મુજબ આપણે સૌ અત્રે ભેગા થયા છીએ. પૂ. શ્રીએ સત્તર દિવસ પ્રવચન અત્રે આપ્યાં, કોઇ સ્થળે આટલા દિવસ પ્રવચન આપ્યાં હોય એવું મારી જાણમાં નથી. સુરતના શ્રોતાજનપર એમનો પ્રેમ વિશેષ જોઇ શકાય છે. સત્તર દિવસ તો ઝપાટામાં પસાર થઇ ગયા.

પ્રવચનો દરમ્યાન પૂ. શ્રીની વાણીનો પ્રવાહ દરરોજ સવા–દોઢ કલાક સુધી અસ્ખલિત વહેતો હતો. તેમ જ જુસ્સો પણ પહેલાં કરતાં વધુ જોઇ શકાતો હતો. હાર્ટ એટેક પછી તો માણસ નબળો થઇ જાય છે. ડોક્ટર એને હાલવા–ચાલવાની મનાઇ કરે છે જ્યારે પૂ. શ્રીને તો હાર્ટએટેક આવી ગયાનું કોઇ ચિહ્ન જ દેખાતું નથી એટલે એમને એટેક આવ્યા પછી શરીરમાંનો નકામો કચરો બધું સાફ થઇ ગયેલું લાગે છે. અને શરીરની શુદ્ધિ થઇ ગયેલી જોઇ શકાય છે એના પરિણામે પૂ. શ્રીના આત્મબળમાં વધારો થયેલો લાગે છે. ભક્તિભાવ તરફ એમનું વલણ વધુ જોવા મળે છે. તે ઉપરાંત પ્રેમ અને નમ્રતા પણ એમનામાં વિશેષ જોવા મળે છે. એમને પોતાને જગદંબામાં શ્રદ્ધા તો છે જ. તે ઉપરાંત મા શ્રી સર્વેશ્વરીની ચોવીસ કલાકની હાજરી એઓશ્રીને મદદરૂપ રહે છે. એટલે એમનું કાર્ય વેગવંતુ રહેશે જ એ નિશ્ચિત છે. આ વખતનાં એમનાં પ્રવચનો ઉચ્ચકોટિના અને ઉચ્ચભૂમિકા પરથી પ્રસરતાં હોય એવું અનુભવાતું હતું. એઓશ્રીએ ગીતાના બારમા

અધ્યાય પર બહુ વિસ્તારપૂર્વક સરળતાથી હૃદયને સ્પર્શ થાય એ રીતે પ્રકાશ આપ્યો છે. અને માનવજીવન સાફલ્ય કરવાનું પદ્ધતિસરનું માર્ગદર્શન આપ્યું છે. ખરેખર, એમણે સત્તર દિવસ આત્માનું ભાથું વિશેષ પ્રમાણમાં આપ્યું છે. એને પચાવશું તો જીવનમાં પરિવર્તન આવ્યા વગર રહેશે નહીં. આવો અલભ્ય લાભ આપવા માટે આપણે એમના ઋણી છીએ. આ વખતે પ્રવચન પછી મા શ્રી સર્વેશ્વરી ભજન ગાતાં અને ત્યારબાદ શાંતિપાઠ થતો, તેથી વાતાવરણ બહુ દિવ્ય લાગતું. ખરેખર શાંતિનો સ્પર્શ થતો અનુભવાતો. આ વાતાવરણ આખા વિશ્વમાં પ્રસરે એવી ભાવના સાથે છૂટા પડતાં, આવો સુંદર કાર્યક્રમ પ્રભુકૃપાએ સફળ થયો અને પૂ. શ્રીએ સત્તર દિવસ સુધી જે જ્ઞાનગંગાનો પ્રવાહ વહેવડાવ્યો અને શ્રોતાઓને જ્ઞાનામૃતનું પાન કરાવ્યું તે બદલ હું સોસાયટી તરફથી, આપ સૌ તરફથી મહાત્માશ્રીનો હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર માનું છું. ભવિષ્યમાં જ્યારે અનુકૂળતા હોય ત્યારે આગ્રહપૂર્વક પધારવા વિનંતિ કરું છું. તે ઉપરાંત અમને સેવા કરવાની જે તક આપી તે બદલ હું આપ સૌનો આભાર માનું છું અને પુષ્પાહાર અર્પણ કરું છું.

### બીજો આભાર

આપણે દરરોજ મહાત્માજીના પ્રવચનને અંતે ભજન સાંભળતા હતા, એ ભજનોનું એક પુસ્તક બહાર પડયું છે, જેનું નામ છે 'અર્ઘ્ય'. એનાં લેખક મા શ્રી સર્વેશ્વરી છે. એઓશ્રી વિકાસને પંથે આગળ વધેલાં એક ઉત્સાહી, સંયમી, નીડર, જેને પ્રભુદર્શનની તાલાવેલી લાગેલી છે એવાં સત્યપરાયણ સાધક છે. એમણે પોતાના ઈષ્ટદેવ ગુરુદેવદ્વારા જે કાંઈ પ્રકાશ મેળવ્યો, તે એમની રચનાઓમાં જોઈ શકાય છે. એમનાં ભજનો સ્વાર્પણભાવે, સ્વયંસ્ફુરણાથી, સરળભાષામાં લખાયેલાં છે. તેમાં પોતાના જીવનનું દર્શન કરાવેલું છે. અને એમના ગીતોમાં મૌનનો નાદ સંભળાય છે. એ ગીતો પોતે સુમધુર સ્વરમાં ગાય છે ત્યારે સમગ્ર વાતાવરણમાં દિવ્યતા અનુભવાય છે. તેથી એમનાં ગીતો સર્વને સાંભળવાં ગમે છે. આવાં અનોખાં ગીતોના પુસ્તકની ભેટ ગુજરાતની જનતાને અર્પણ કરવા બદલ એઓશ્રીને ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે. આશા રાખીએ કે ભવિષ્યમાં વધુ ગીતો લખી 'અર્ઘ્ય'નો બીજો ભાગ પ્રગટ કરવા શક્તિમાન થાય એવી પરમકૃપાળુ પરમાત્માને મારી પ્રાર્થના છે.



છેલ્લા બે દિવસ મારી વિનંતિ સ્વીકારીને આપણને તેમણે રસપ્રદ વાર્તાલાપો સંભળાવ્યા, તેમાં આપણને મહાત્માશ્રીના તથા એમના પોતાના આંતરજીવન વિશે ઘણું જાણવાનું મળ્યું. તે બદલ હું તેમનો આભાર માનું છું. ટૂંક સમયમાં પોતાના ધ્યેયે પહોંચવાની શક્તિ તેઓને પ્રાપ્ત થાય એવી પરમાત્માને પ્રાર્થના સાથે ફૂલહાર અર્પણ કરું છું.

મહાત્માશ્રીનાં માતુશ્રી વિશે તેમ જ એમની માંદગી વિશે આપણને ઘણું જાણવા મળ્યું. તપસ્વિની હોવા છતાં પણ કર્મનું ભોગાયતન કેટલું બધું અસહ્ય હોવા છતાં શાંતિથી ભોગવ્યું. અને એક તપસ્વિનીની હસ્તિમાં પોતાનો દેહ છોડયો એમને પણ આપણે યાદ કરી હજારો વંદન કરીશું.

### ત્રીજો આભાર

યોગેશ્વર સત્સંગમંડળના કાર્યકરોએ પણ આ જ્ઞાનયજ્ઞમાં પોતાનો ખૂબ ખૂબ સહકાર આપ્યો. તેમનો પણ હું આભાર માનું છું. તે ઉપરાંત આપ સૌએ સારી રીતે સત્સંગમાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો તે બદલ આપ સૌનો પણ હું આભાર માનું છું.

છેલ્લે આ કાર્યક્રમની સફળતાનો યશ સોસાયટીના સ્થાપક ગુરુદેવને ચરણે ધરું છું. નમસ્તે.

શ્રીદીનાબહેન સહિત સૌએ સર્વેશ્વરીને પણ સુંદર અંજલિ આપી.

### શ્રી દીનાબેન ઘડિયાળીનું વક્તવ્ય

હું વિચારું છું કે એક મહાત્માની મુલવણી કરનાર હું કોણ? કવિ શ્રી યોગેશ્વરજી, સાહિત્યકાર શ્રી યોગેશ્વરજી, ચિંતક શ્રી યોગેશ્વરજી, દર્શક શ્રી યોગેશ્વરજી—એવા બહુમુખ પ્રતિભા ધરાવનાર મહાપુરુષ વળી સાથે જ સાગર જેવું હૈયું ધરાવનાર શ્રી યોગેશ્વરજીની મુલવણી હું પામર બાળક કેવી રીતે કરી શકું!

તેઓશ્રી સુરતને આંગણે વર્ષોથી આવે છે. પણ એમાંના જ એક આત્માને જે સ્રીસ્વરૂપે છે તેને આગળ વધારી તેમનામાં શક્તિ છે તે ઓળખીને વધુ જાગૃતિ સાથે પોતાની પાસે રાખ્યાં.

પૂ. શ્રી મા સર્વેશ્વરીની પ્રેરણા મેળવી ઘણી બધી બહેનો સાધિકા તો ન બને પણ પ્રભુપંથે જશે એવી મને શ્રદ્ધા છે. સંસારમાં સ્રીને સ્રી તરીકે જોવામાં આવે છે. પૂ. શ્રીએ કહ્યું કે સંસાર માટે સ્રી એ સ્રી બને, કોઈની બહેન બને તો કોઈકની પત્ની બને બધાં જ સંબંધો તે સ્રી સાથે જુદી જુદી રીતે હોય છે પણ આધ્યાત્મિક જગતમાં તે સ્રી પ્રવેશે તો તે સ્રી શક્તિસ્વરૂપ છે તેથી તે 'મા' સ્વરૂપે જ જોવામાં આવે છે. તે રીતે સરોજબેન પણ સરોજબેન નહીં પણ 'મા સર્વેશ્વરી' છે ખૂબીની વાત તો એ છે કે મા સર્વેશ્વરીએ પણ શ્રી યોગેશ્વરજીને માવડી કહીને સંબોધ્યા છે.

શ્રીદીનાબેન ઘડિયાળી
(આચાર્યા, સિંગાપુરી હાઈસ્કૂલ–સુરત)



આનંદ ને શાંતિથી સુરતના પ્રવચનો પૂરાં થયા.

ઉતારા પર આવી, ખીચડીનું ભોજન લઈ, ઘરનો સામાન વ્યવસ્થિત કરી આરામ કર્યો. આરામ કરતાં એક વાગી ગયો. હરિઃ ૐ

(ક્રમશઃ)

કલિયુગમાં અન્ન ઉપર પ્રાણનો આધાર. દેહબુદ્ધિ જાય નહિ, એવી અવસ્થામાં સોહમ્ (હું એ ઈશ્વર છું) એમ કહેવું ઠીક નહિ. જેઓ વિષયત્યાગ કરી શકે નહિ, જેમની અહંબુદ્ધિ કોઈ રીતે જાય નહિ, તેમને માટે હું દાસ, હું ભક્ત એ અભિમાન સારું. ભક્તિભાવે રહેવાથી પણ ઈશ્વરને પામી શકાય.

રામકૃષ્ણ પરમહંસ

ઓ. : ૨૩૫૯૮ ફે. : ૮૨૪૩૭
૩૪૦૧૬ ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# શ્રીમદ્‌ભાગવત જ્ઞાનયજ્ઞની સમાપ્તિ

નારાયણ હ. જાની

કપૂરામાં ભાગવત પારાયણનો આઠ દિવસનો જ્ઞાનયજ્ઞ સારી રીતે પૂર્ણ થયો. શ્રી ઈશ્વરભાઈ ભક્તને પ્રભુએ એ માટે નિમિત્ત બનાવ્યા. સામાન્ય રીતે ભાગવત પારાયણો માણસો સંબંધીઓ કે સ્નેહીઓની મરણોત્તર મુક્તિ માટે કરાવતા હોય છે; પરંતુ આ જ્ઞાનયજ્ઞ તેવો ન હતો. પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ તા. ૧૮ માર્ચ, ૧૯૮૪ ના દિને પોતાના ભૌતિક દેહનો પરિત્યાગ શ્રીમદ્‌ભાગવતનું રહસ્ય સમજાવતાં સમજાવતાં લક્ષ્મીનારાયણ મંદિરની વ્યાસપીઠ પર કર્યો. આ એક અદ્‌ભુત અનોખો તરીકો હતો. એટલે પૂ. શ્રી યોગેશ્વરજીના જ્ઞાની ભક્ત શ્રી ઈશ્વરભાઈની એક ભાવના એવી રહી કે ગુરુતર્પણ નિમિત્તે ભાગવત પારાયણ કરાવીએ; અને તેઓની આ ભાવના પ્રભુએ સરસ રીતે પૂરી કરી.

વળી પૂ. ગુરુદેવશ્રી યોગેશ્વરજીના લીલા સંવરણને આ માર્ચમાં બાર વર્ષ પૂરાં થતાં હતાં અને પૂ. મા શ્રી સર્વેશ્વરીના અન્નત્યાગના વ્રતને પણ એટલો જ સમય થતો હોવાથી, પૂ. માના જન્મસ્થાન કપૂરામાં જ આ જ્ઞાનયજ્ઞ કરવાની ભાવના શ્રી ઈશ્વરભાઈને થઈ.

આ ભાગવત કથાના પ્રવક્તાની પસંદગી પણ તેઓએ એ રીતે કરી કે જેમને ભાગવત કથા તો સરસ રીતે કહેતાં આવડે એટલું જ નહિ, પરંતુ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો પરિચય હોય, વળી તેઓની સાધના અને પવિત્રજીવનથી જેઓ સારી રીતે પરિચિત કે વાકેફ હોય. આ રીતે શ્રી ઈશ્વરભાઈએ પ્રવક્તા તરીકેની પસંદગી ભાવનગરના ભાગવતાચાર્ય પ્રો. શ્રી જનાર્દનભાઈ દવે ઉપર ઉતારી, જે સર્વથા યોગ્ય બની રહી.



સંસ્કૃતમાં કહેવત છે કે માણસ કેટલો વિદ્વાન છે તેની પરીક્ષા કરવી હોય તો તેને ભાગવત વિષે બોલવા કહેવું. વિદ્યાવતાં ભાગવતે પરીક્ષા–તેમાં તેની કસોટી થઈ જાય. વળી આમ સમાજમાં એવી માન્યતા પ્રચલિત છે કે વ્યાસ ભગવાનનો શ્રીમદ્‌ભાગવતનો ગ્રંથ એ કેવલ એક ભક્તિપ્રધાન ગ્રંથ છે. પરંતુ તેના હરેક લીલાપ્રસંગોમાં પણ ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન કેવી નિહિત રીતે આલેખન પામ્યું છે તે તો ઉપનિષદોનો અભ્યાસી ભાગવત કથાકાર જ સમજાવી શકે. શ્રી જનાર્દનભાઈ એ રીતે તે સમજાવવામાં ખૂબ સફળ રહ્યા. તેની પ્રતીતિ એ રીતે થઈ કે આભારવિધિ પછી એક શ્રોતાજન બોલી ઊઠયા કે પરીક્ષિતને તક્ષકનાગ કરડતાં પહેલાં જ દેહાધ્યાસથી મુક્તિ મળી ગઈ, તેમ અમારા દેહાધ્યાસ પણ આ કથાશ્રવણના પરિણામે એવા ક્ષીણ થઈ ગયા છે કે કદાચ તક્ષક અમને અત્યારે આવી કરડે તે પહેલાં અમારી પણ મુક્તિ થઈ જાય. કેવો સરસ પ્રતિભાવ! ચાલો આપણે પણ એમાંથી થોડું આચમન કરીએ.

ભાગવતમાં નામોની પસંદગી પણ પ્રતીકાત્મક અને વ્યંજનાત્મક છે. દાખલા તરીકે ગોપી. એનો સામાન્ય અર્થ ગોપકન્યા કે ગોપસ્ત્રી થાય. પરંતુ તેનો સાચો આધ્યાત્મિક અર્થ છે ભગવાન માટે તીવ્રતમ અનુરાગ ધરાવતો જીવ. તે પુરુષ પણ હોઈ શકે કે સ્ત્રી પણ. સંસારમાં રહેવા છતાં, સંસારીક કામો કરતાં કરતાં શ્રી

ભગવાન સાથે મનથી જોડાયેલ જીવ–ગોપી જ ગણાય. વળી ભગવાનને કોઈ પણ ભાવથી ભજનાર વ્યક્તિને પ્રભુપ્રાપ્તિ થાય જ. પછી ભલે એ ભજવાનું કંસ કે પૂતનાની જેમ દ્વેષ કે વેર-ભાવથી હોય; તોપણ પ્રભુ તેને મુક્તિ આપે જ. ગોપીઓ ભગવાન કૃષ્ણને મધુરભાવે ભજતી, તો મા યશોદા વાત્સલ્યભાવે, ઉદ્ધવ અને સુદામા સખા ભાવે. આમ ભાવ ભલેને ભિન્ન ભિન્ન હોય, પરંતુ જો તે પ્રભુ સાથે જોડાયેલ હોય તો માણસનું કલ્યાણ થાય જ, એમાં કોઈ શંકા નહિ.

ભાગવત બીજી એક વાત પણ સ્પષ્ટ કરે છે. પ્રભુપ્રાપ્તિ માટે માનવદેહ જોઈએ. પરંતુ પ્રારબ્ધવશાત્ બીજી પશુ, કે અન્ય યોનિ-ઓના જીવો પણ જો પ્રભુ સાથે જોડાય તો તેમની સદ્ગતિ થાય. ગજેન્દ્રમોક્ષ, અઘાસૂર કે બકાસૂર તેનાં ઉદાહરણો છે.

શ્રી ઈશ્વરભાઈને પ્રારંભમાં બીક હતી કે શરૂના દિવસોમાં શ્રોતાઓ મોટી સંખ્યામાં નહિ થાય, પરંતુ પહેલા દિવસથી જ ગોપાલસ્મૃતિનો હોલ ખીચોખીચ ભરાઈ જતો. પાછળના દિવસો-માં તો આ હોલની આગળ અને બાજુમાં મંડપો નાંખી, શ્રોતાઓ માટે સુવિધા કરવામાં આવી. જાણવા પ્રમાણે ભક્ત સમાજ માટે શ્રીમદ્ભાગવત શ્રવણનો આ બીજો પ્રસંગ હતો. પહેલી કથા સ્વામિનારાયણ સંપ્રદાયના પ. પૂ. શ્રી પ્રમુખ સ્વામીના અનુયાયી તરફથી કરાવવામાં આવી હતી. પરંતુ આ કથાની એક બીજી વિશેષતા પણ હતી. શ્રી ઈશ્વરભાઈની સાથે સંકડાયેલ આસપાસના આદિવાસી વિસ્તારનાં ભાઈબહેનો પણ આ કથાશ્રવણ માટે વાહનો કરીને ઉત્સાહપૂર્વક આવતાં. કથાકાર માટે એ પ્રશ્ન હતો કે જેમને કોઈ ધાર્મિક ભૂમિકા જ ના હોય, તેવા લોકો ભાગવત-કથાનો મર્મ કેટલા અંશે સમજી શકશે. પરંતુ તેમના આશ્ચર્ય વચ્ચે



સમજાયું કે લોકો ખૂબ ભાવથી–એકચિત્ત થઈ રસપૂર્વક કથા સાંભળતા. એટલું જ નહિ, પરંતુ રોજ લગભગ સાત સાત કલાક કથાશ્રવણથી કોઈ થાક કે કંટાળો અનુભવતા નહિ.

બહારગામથી આવેલ સાધકો–પોતાના કપૂરા નિવાસનો પૂરેપૂરો લાભ ઊઠાવવા કૃતસંકલ્પ હોય તેમ જણાતું. રાત્રે ભોજન પછી પણ દોઢ કલાક સત્સંગની બેઠકો ચાલતી. તેમાં શ્રોતાઓને શ્રી ઈશ્વરભાઈ ભક્ત, શ્રી ગોરધનભાઈ કલોલા અને નારાયણ-ભાઈ જાની પાસેથી પૂ. ગુરુદેવ અને પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાધનાત્મક જીવનની તેમ જ બીજી આધ્યાત્મિક વાતો સાંભળવા મળતી. કપૂરા ગામના યુવાન છોકરાઓ પણ રાતે આ વાતો સાંભળવા માટે હોલ સામેના ઓટલાઓ ઉપર ગોઠવાઈ જતા.

રસોડાની વ્યવસ્થા પણ શ્રી ઈશ્વરભાઈએ સુવ્યવસ્થિત ગોઠવી હતી. આ વ્યવસ્થા સંભાળનારાઓની કસોટી થઈ જાય એવું આ કામ હતું, કારણ કે કથા સાંભળવા આવનાર બધા શ્રોતાઓને ભોજનનું ખુલ્લું આમંત્રણ પહેલેથી જ જાહેર કરવામાં આવેલું. એથી કેટલી ચોક્કસ સંખ્યા સવારના જમણવારમાં થશે, તે કેવળ કલ્પના જ કરવી પડે તેવું હતું. પરંતુ પ્રશંસા સાથે કહેવું પડે કે આવા ત્રણચાર પ્રસંગોએ, વ્યવસ્થા સંભાળનારા ભાઈઓ ઉણા ઉતર્યા ન હતા. મિષ્ટાન્ન છતાં સાદુ સાત્ત્વિક ભોજન સહુ ઉત્સાહથી જમતા.

એક નાના સરખા ગામમાં બહારગામથી આવનાર ત્રણસો ચારસો માણસોને સમાવવા એ દેખીતી રીતે મુશ્કેલ લાગે. પરંતુ કપૂરાનાં ભક્ત સમાજના પરિવારોએ ખુલ્લા દિલે આગંતુકોની જે સરભરા કરી, તે જીવનમાં યાદ રહી જાય તેવી કહી શકાય. એક

સાધકે પોતાનો પ્રતિભાવ દર્શાવતાં કહ્યું કે અહીં તો ઘરો ઘણાં મોટાં છે, તેવી જ મોટી ભોજનની પાતરો છે, તેવા જ મોટા મોટા પાપડ અને તેથીય મોટાં માણસોનાં દિલ છે. આજના યુગમાં આવું ક્યાં જોવા મળે! "એટલે જ અહીં જગદંબા અવતરેને!" કથાના પ્રવક્તા શ્રી જનાર્દનભાઇએ ઉમેરેલું.

ભક્ત સમાજના બધા જ પરિવારોએ પોતાનાં ઘર બહારથી આવનાર ભાઇબહેનો માટે ખુલ્લાં મૂકી દીધેલાં. વળી સાધકો પણ સમજુ કે તેઓ ગમે તેટલી સંખ્યામાં આવેલ હોય તોપણ દૂધમાં સાકર ભળી જાય તેમ ગ્રામસમાજમાં ભળી જતા. ક્યાંય કશો જ ઉહાપોહ નહિ કે ફરિયાદ નહિ.

સવારે ચા કોફી દૂધની સુવિધા ઉતારા ઉપર અને રસોડા ઉપર પણ મળતી. કેટલાંક ઘરોમાં ઉતરેલ સાધકોને સવારે ગરમ નાસ્તો પણ આપવામાં આવતો. તો જમ્યા પછીની છાશ પીવા એક ઘરે પહોંચી જતા.

શ્રી ઈશ્વરભાઇના બંને પુત્રો શ્રી જયેશ અને પંકજ તેમ જ પુત્રી કલ્પના, પત્ની શ્રી મણિબેન સહુએ સાથે મળી કામ કરી આ જ્ઞાનયજ્ઞને દીપાવ્યો; એમ કહી શકાય.

છેલ્લા દિવસે શ્રી ઈશ્વભાઇએ બ્રાહ્મણો પાસે વૈદિક વિધિથી હવનયજ્ઞ પણ કરાવ્યો, જે ભક્ત સમાજ માટે કંઇક અંશે નવી પ્રણાલિ સમાન હતો.

સમાહના દિવસો દરમ્યાન, દરરોજ સવારે પ્રભાતફેરીથી પ્રારંભ થતો. ભજનો અને ધૂનના સાત્ત્વિક સ્વરોથી સમગ્ર વાતાવરણ ગૂંજી ઊઠતું તો ગોપાલ સ્મૃતિ હોલ આગળનું પટાંગણ વાળીઝૂડીને સાફ થઇ જતું અને તે પછી ઠંડા પાણીનો છંટકાવ



સેવકો કરી દેતા. આ કામ એટલી ચોક્સાઇથી થતું કે તે જોઇ-જોનારા મુગ્ધ થઇ જતા.

કપૂરાના બધા જ પરિવારોનો–વ્યક્તિગત નામો સાથે ઉલ્લેખ કરવો જોઇએ, પરંતુ વિસ્તારભયે તે ન કરવા બદલ સહુ ક્ષમા કરે. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની સૂક્ષ્મ ઉપસ્થિતિનો અનુભવ સહુ શ્રોતાઓ કરતા.

### આ કથાની કેટલીક વિશેષતાઓ

* કથાના પ્રારંભના આગલા દિવસે ૧૪ જેટલા આદિવાસી ભાઇઓ ત્રણ ત્રણ જેટલા ગલગોટાનાં ફૂલો માથા ઉપર ઊંચકીને લાવેલા. અને તેઓએ જ સ્ટેજ ઉપરનું સુશોભન–સરસ હારો બનાવી કરેલું. આ બધું કામ તેઓએ પ્રભુપ્રીત્યર્થે કર્યું.

* આ કથામાં શ્રીમદ્‌ભાગવતના મૂળ ગ્રંથને વફાદાર રહીને જ શ્રી જનાર્દનભાઇ દવેએ કથા કરી. તેમાં અગિયાર અને બારમા સ્કંધોમાં ઉપદેશાયેલા તત્ત્વજ્ઞાનની પૂરેપૂરી સમજ પણ આપી. સામાન્ય રીતે કથાકારો આ સ્કંધોનો માત્ર અછડતો ઉલ્લેખ જ કરી, ભાગવતનું સમાપન કરી દેતા હોય છે.

* કથાના પ્રવક્તા શ્રી જનાર્દનભાઇ છે. દરેક બેઠકમાં જાહેર કરેલ સમય કરતાં દસપંદર મિનિટ વહેલા આવી જતા. તેઓ સૌ પ્રથમ સ્થાપનોને, ગુરુના સ્વરૂપોને ભાગવત ગ્રંથને, બ્રાહ્મણોને, તેમ જ વ્યાસપીઠને પ્રણામ કરીને પોતાનું આસન ગ્રહણ કરતા. વ્યાસપીઠ પર બેસતા પહેલાં તેની પ્રદક્ષિણા કરતા. કથાના પ્રારંભે અને અંતમાં પ્રવક્તા દરરોજ ભગવાન રામ તથા કૃષ્ણ, ભગવાન સ્વામિનારાયણ, શ્રી અક્ષરપુરુષોત્તમ, મહાત્મા શ્રી યોગેશ્વરજી, મા શ્રી સર્વેશ્વરી તેમ જ કબીર સાહેબની જય–નમો પાર્વતી પતયે

હર હર મહાદેવ સાથે બોલાવતા. આમ બધા જ દેવો, અવતારો અને સંતો પ્રત્યેનો પોતાનો આદર અભિવ્યક્ત કરતા.

* ભાગવત ઉપરની વિવિધ સંપ્રદાયોના આચાર્યોની ને શ્રીધર સ્વામીની ટીકાઓનો આધાર રજૂ કરી–શ્રોતાઓને પોતાનું મંતવ્ય સમજાવતા. તેઓના વક્તવ્યમાં ક્યાંય એકાંગીપણું ન વરતાતું ભગવાન કૃષ્ણના જીવનની ઘટનાઓમાં શ્રી ગર્ગસંહિતા કે મહાભારતના સંદર્ભો દર્શાવી, ટૂંકમાં દર્શાવેલી લીલાઓનો મર્મ, શ્રોતાઓને સમજાય તેવી રીતે વિસ્તારથી કહેતા.

* શ્રીમદ્‌ભાગવતના અનેક શ્લોકો–પુસ્તકનો આધાર લીધા વિના, તેઓનું ગાન કરતા જોઇને શ્રોતાઓ મુગ્ધ થતા, તેમ જ તેમાં મા સરસ્વતીની તેઓ પરની કૃપાનું દર્શન કરતા.

* આ ભાગવત સમાહ દરમ્યાન પ. પૂ. મહાત્માજીનાં પુસ્તકો તેમ જ પૂ. ગુરુદેવ અને પૂ. માનાં સ્વરૂપોનું વેચાણ પણ ગોઠવવામાં આવ્યું હતું. પૂ. માનાં સ્વરૂપો જે અમેરિકાથી લાવવામાં આવ્યાં હતાં, તે તો માત્ર બે દિવસોમાં જ વેચાઇ ગયાં હતાં.

* સરલ ગીતા અને બીજાં પુસ્તકોનું વેચાણ સારી રીતે થયું હતું. હંમેશની જેમ શ્રી વિનુભાઇ અમીન, શ્રી કનુભાઇ રબારી અને શ્રી કંચનભાઇ પટેલે આ માટે સેવાઓ આપી હતી.

* આ કથા તેઓએ–શ્રી જનાર્દનભાઇએ–ખૂબ દિલપૂર્વક કરી છે અને તેઓએ અત્યારસુધીમાં કરેલી શ્રેષ્ઠ કથાઓમાંની આ એક બની છે. તેનો સંપૂર્ણ યશ તેઓએ મહાત્મા શ્રી યોગેશ્વરજી મા શ્રી સર્વેશ્વરી, કપૂરાની પુણ્ય ધરતીને અને સુજ્ઞ શ્રોતાજનોને–નમ્રતાપૂર્વક આપ્યો હતો.



બ્રધર લોરેન્સ

# ઈશ્વર સાન્નિધ્યની સાધના

યશસ્વીભાઇ ય. મહેતા

## પત્ર પરિસંવાદ–બીજો

મારાં વહાલાં પૂજનીય માતાજી,–મારી જીવનપદ્ધતિનું નિરૂપણ કદાચ ગ્રંથોમાં જોવા મળે કે ન મળે, મને પોતાને તે વિષે કોઇ મુશ્કેલી અનુભવવી પડી નથી. છતાં વધુ સ્પષ્ટતા કરવા પૂરતા તમારા વિચારો જાણવા મળશે તો મને જરૂર આનંદ થશે.

કેટલાક દિવસો પહેલાં, એક સાધક વ્યક્તિ સાથેના વાર્તાલાપ દરમ્યાન, તેમણે કહ્યું કે આધ્યાત્મિક જીવન ઈશ્વરકૃપા–આધારિત છે, અને દાસ્યભાવ, દૈન્યભાવ, તેના ભય સાથે શરૂ થાય છે; શાશ્વત જીવનની આશા સાથે ઈશ્વરભક્તિનો ઉદય થાય છે અને પરિપૂર્ણ ભગવદ્‌પ્રેમમાં તે પરિણમે છે. આ પ્રત્યેક અવસ્થાને પોતાની નિશ્ચિત અવસ્થા હોય છે જે અંતતોગત્વા સાધકને આ ધન્ય પરિપૂર્ણતાએ પહોંચાડે છે.

સાચું કહું તો આ પૈકી કોઇ પણ પદ્ધતિ મારી સાધનામાં હું અનુસર્યો નથી. ઉલ્ટું, હું જાણતો નથી કઇ મનોવૃત્તિને કારણે મને તે નિરુત્સાહક લાગી. એટલા માટે જ ધર્મસાધના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો તે સાથે જ મેં મારી જાત મારા પ્રભુને સમર્પિત કરી દેવાનો સંકલ્પ કર્યો. મારાં ઢગલાબંધ દુષ્કૃત્યોના આ પ્રાયશ્ચિત્તથી મને પૂરો આત્મસંતોષ મળ્યો અને પ્રભુપ્રેમ સિવાય બીજું કંઇ, ગમે તેવું પ્રિય લાગે તેવું હોય તોપણ, તે બધાનો મેં દૃઢતાપૂર્વક ત્યાગ કર્યો.

ધર્મસાધનાના પ્રારંભના વર્ષોમાં, ઉપાસના માટે નિશ્ચિત કરેલા સમયમાં હું મૃત્યુના, મારા અપરાધોની મળનારી સજાના, નરકાવાસ, સ્વર્ગવાસ અને મારાં દુષ્કૃત્યોના વિચારોમાં મારા મનને પરોવતો. સાથોસાથ મારા પ્રભુને આ વિચારોની સાથે જ રાખતો. ઉપાસના સિવાયના સમયમાં બધા કામકાજ દરમ્યાન સંભાળપૂર્વક હું સદા મારા અંતરમાં મારા પ્રભુ બિરાજે છે, એ વિષે સતર્ક રહેતો. એટલું જ નહિ, તેઓ સૂક્ષ્મદેહે સદા મારી સાથે રહે છે તે વિષે સભાન રહેવા સતત મથ્યા કરતો.

લાંબા સમયાંતરે, મને ખબર પણ રહી નહિ કે મારા નિશ્ચિત કરેલા પ્રાર્થનાના સમયે, આપોઆપ બધા મનોવ્યાપારો કેવી રીતે પ્રભુ સાથે જ સંકળાયેલા રહેતા અને મને મહાન આશ્વાસન, સમાધાન અને પરમ આનંદમાં મગ્ન કરી દેતા. મારા પ્રભુ પ્રત્યે આવા અનુભવથી, મારો પ્રભુ પ્રત્યેનો આદર એટલો બધો સંવૃદ્ધ બની ગયો કે તે કેવળ 'શ્રદ્ધા' દ્વારા જ મૂર્ત કરી શકાય.

[નોંધ : મને લાગે છે કે બ્રધર લોરેન્સ ઈશ્વરના સ્વરૂપ વિષે જેટલા સ્પષ્ટ ખ્યાલો કે કલ્પના કરતા તે તેમને સંતોષકારક લાગતા નહિ. કારણ તે અપૂર્ણ (રાગદ્વેષથી ભરેલા) મનના સર્જન હતા એટલે ઈશ્વર સ્વરૂપને અનુરૂપ કે અનુપાત્ર ન હતા. એટલે તેમના મનને જ તે સંતુષ્ટ કરી શકનારા ન હતા. કેવળ 'શ્રદ્ધા–કોણ'થી જ પ્રભુનું અનંત, શાશ્વત, નિરાકાર, નિર્ગુણ સ્વરૂપ ગ્રહણ કરી શકાય કે ગ્રાહ્ય બને છે. મનની ગમે તેટલી મથામણો પછી ય માનસિક–કોણદ્વારા પ્રભુના આ અચિંત્ય સ્વરૂપને પકડી શકાતું નથી. એટલે મનને સંતોષ ન થાય તે સ્વભાવ–સહજ છે. –ભાષાંતરકાર]

આવી હતી મારી નાની શરૂઆત. છતાં મારે સ્વીકારવું જ રહ્યું કે પ્રથમ દસ વર્ષોમાં મેં અપાર મનોયાતના ભોગવી હતી.



મને લાગ્યા કરતું કે મારી ઈચ્છાનુસાર હું ઈશ્વરને પ્રેમ કરી શકતો નથી. કારણ મારાં પૂર્વકાળનાં દુષ્કૃત્યો મારા મનમાં વર્તમાન ને વિદ્યમાન છે. પ્રભુની મારી ઉપર અણછાજતી કૃપાનો વરસાદ, મારી અપાર અપાત્રતા હોવા છતાં વરસતો, તે જોઈને શરમનો માર્યો હું ભારે વ્યથા ભોગવતો હતો. આ સમય દરમ્યાન હું ઘણીવાર પડયો છું અને પાછો તત્કાલ ઉભોય થઇ ગયો છું. મને લાગતું કે સમગ્ર જગત, તેના પ્રાણીઓ, અને સ્વયં ઈશ્વર મારી વિરુદ્ધ છે, પ્રતિકૂળ છે; એક માત્ર 'શ્રદ્ધા' જ મારા પક્ષે છે. આવા સમયે મને થતું કે ઈશ્વરની કૃપા મારી ઉપર વરસે છે. એ મારા મનની ભ્રામક કલ્પનાઓ છે. ક્યારેક લાગતું કે મારા મનના ખોટા અનુમાનો છે. જે બીજા બુદ્ધિપ્રધાન લોકો ભાગ્યે જ કરે છે. અને મારા માટે મુક્તિની હવે કોઇ સંભાવના નથી.

આ માનસિક યંત્રણાના આ બધા દિવસો જેમ તેમ કરીને કેમ પૂરા કરવા તે વિચાર હું કર્યા કરતો. આને લઈને મારી ઈશ્વરપ્રતિ શ્રદ્ધા ઘટતી નહિ, ઉલ્ટું ઈશ્વરમાં મારો વિશ્વાસ વધ્યો. મારી શ્રદ્ધા વધુ ને વધુ જ્વલંત બની. મને લાગ્યું કે મારા મનનું આયખું, કલેવર બદલાઇ રહ્યું છે. અને મારું મન નકારાત્મક ઊર્મિઓ, નિરાશા, હતાશા, વિશાદથી, તેનાં વાદળાંઓથી ઘેરાયેલું હતું તે શ્રદ્ધાની હવાથી વિખરાય ગયાં. એક આંતરિક પ્રગાઢ પ્રશાંતિથી મારું મન ભરાય ગયું ને મને પ્રતીતિ થઇ કે મારું મન મારા પ્રેમાસ્પદ પરમાત્માના સ્વરૂપમાં જ પ્રતિષ્ઠિત હતું, જે તેનું કાયમ વિરામસ્થાન હતું.

તે સમય બાદ, હું બીજું કંઇ જ કરતો નથી. કેવળ મારા પ્રભુની સાથે રહું છું. પછી ભલે ગમે તે કરતો હોઉં. માત્ર બેઠો હોઉં ત્યારે જ નહિ, ચાલતો હોઇ ત્યારે પણ મારા પ્રભુના

સ્વરૂપમાં ને તેણે મને આપેલ શક્તિથી જ ચાલી શકું છું તેવો મને ખ્યાલ રહે છે. હું અત્યંત નમ્રતાપૂર્વક કાળજી રાખું છું કે મારો એક પણ વિચાર, એક પણ શબ્દ, એક પણ કર્મ તેને નારાજ કરનાર ન બને. મને આશા છે કે મારાથી થઇ શકે તેવી શ્રેષ્ઠ રીતે કોઇ કામ પૂરું કર્યા પછી તેને જેમ ઠીક લાગશે તેમ તે મારા સાથે કરશે.

આ ક્ષણે, સમયે મારા મનમાં શું ચાલી રહ્યું છે ને તે વ્યક્ત કરી શકતો નથ. મારી આ અવસ્થા અંગે મને મનથી કોઇ દુઃખ નથી, તેનાથી કોઇ મુશ્કેલી નથી. કારણ કે ઈશ્વર–ઇચ્છાથી ભિન્ન મારી પોતાની કોઇ સ્વતંત્ર ઈચ્છા નથી. બધી બાબતોમાં તેની જ ઇચ્છા પ્રમાણે જ હું કર્મ કરું છું. તેની ઇચ્છાને હું એટલો અધીન છું કે તેના હુકમ વિના જમીન ઉપર પડેલું એક તણખલું સુદ્ધાં હું ઉપાડતો નથી. પ્રત્યેક વિચાર, વાણી કે વ્યવહાર માત્ર તેના પ્રેમ ખાતર જ કરું છું. બીજા કોઇ પણ હેતુથી નહિ.

પરંપરાગત ભક્તિ–ઉપાસનાના વિધિવિધાનો, તેમ જ મારી અવસ્થા (આશ્રમ) અનુસાર નિર્મિત પ્રાર્થનાઓને મેં છોડી દીધાં છે. મારું એક માત્ર લક્ષ્ય મારા પ્રભુના પવિત્ર સાન્નિધ્યમાં રહ્યા કરવાનું છે. આ માટે મેં તેના ધ્યાનની સાદી પદ્ધતિ અને ઈશ્વર પ્રત્યે ગાઢ અનુરાગની સરલ રીત અપનાવી છે. આને હું મારા પ્રભુની જીવંત સંન્નિધિ, સામીપ્ય કહું છું; અથવા વધુ સ્પષ્ટ કરવા કહું તો ઈશ્વર સાથે ગુપ્ત, મૌન અને અવ્યક્ત વાર્તાલાપ. મારા અંતરાત્મામાં–અસ્તિત્વમાં તે આનંદ અને રોમાંચની ભરતી આણે છે. કેટલીક વાર તો તે એટલી બધી હોય છે કે તેનો ઊભરો બહાર આવે છે. ત્યારે પ્રયત્નપૂર્વક મારે એને બહાર આવતાં રોકવો પડે છે.

(ક્રમશઃ)



## શી નિયતિ !

ગોળ ને ખાંડની માતા  
શેરડી, ભિન્ન પ્રકૃતિ !  
રૂપે, રંગે, ગુણે ભિન્ન,  
એક રક્તઃ શી નિયતિ !

* * *

## એકતા

પશુઓ શતધા ભિન્ન,  
દૂધ તો શ્વેત સર્વનું,  
લક્ષધા મનુજો ભિન્ન,  
રક્ત ના કૃષ્ણ કોઇનું.

* * *

## દુર્ગતિ

રામાયણ સુણી–વાંચી,  
મહાભારત માંડતા !  
વ્યાસ–વાલ્મીકિના શત્રુ,  
અધો–લોક વિષે જતા.

* * *

## વિસંવાદ

ઊડવા પાંખ દીધી ને,  
આસમાન અસીમ આ;  
દૃષ્ટિ–ઝાંખપથી માર્ગ-  
વૈષ્ણવી વરતાય ના !

* * *

## લીલા !

જન્મ પૂર્વે, મૃત્યુ પશ્ચાત્,
જીવની સ્થિતિ? જાણ ના,
વ્યક્ત–અવ્યક્તની લીલા!
પ્રભુતાને પ્રમાણવા.

* * *

## કલા–ભવ્યતા !

અબજો ! અબજો ચ્હેરા,
એક–મેકથી ભિન્ન શા !
વિશ્વકર્મા કલાકાર,
કલાની કેવી ભવ્યતા !

—ડૉ. રણજિત પટેલ (અનામી)

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોટી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭
ફોન : ૬૬૮૨૩૧



# શ્રીરામકૃષ્ણ પરમહંસ

માસ્ટર મહાશય

### ગૃહસ્થોને ઉપદેશ

ઠાકુર શ્રીરામકૃષ્ણ આજ કલકત્તામાં પધાર્યા છે. શ્યામપુકુરના શ્રીયુત પ્રાણકૃષ્ણ મુખોપાધ્યાયના મકાનના બીજા મજલા પર દીવાનખાનામાં ભક્તો સાથે બેઠા છે. હજી હમણાં જ ભક્તો સાથે બેસીને ઠાકુરે પ્રસાદ લીધો છે. આજે બીજી એપ્રિલ રવિવાર, ઈ. સ. ૧૮૮૨; ચૈત્ર સુદ ચૌદશ. સમય બપોરના એક કે બે વાગ્યાનો હશે. કેપ્ટન આ લત્તામાં જ રહે છે. ઠાકુરની ઇચ્છા છે કે ત્યાં આરામ લીધા પછી કેપ્ટનને ઘેર જઇને તેમને મળી, કમલકુટિર નામને બંગલે શ્રીયુત કેશવ સેનને મળવા જવું. ઠાકુર પ્રાણકૃષ્ણના દીવાનખાનામાં બેઠા છે; રામ, મનમોહન, કેદાર, સુરેન્દ્ર, ગિરીન્દ્ર (સુરેન્દ્રનો ભાઇ), રાખાલ, બલરામ, માસ્ટર વગેરે ભક્તો હાજર છે.

પડોશના ગૃહસ્થો અને બીજી આમંત્રિત વ્યક્તિઓ પણ છે. ઠાકુર શું બોલે છે એ સાંભળવા સારું સૌકોઇ ઉત્સુક થઇ રહ્યા છે.

ઠાકુર કહે છે, 'ઈશ્વર અને તેમનું ઐશ્વર્ય ! આ જગત ઈશ્વરનું ઐશ્વર્ય.

પરંતુ ઐશ્વર્ય જોઇને જ બધા ભૂલ ખાઇ જાય; જેનું આ ઐશ્વર્ય છે તેને શોધે નહિ. કામિનીકાંચન ભોગવવા સૌ કોઇ દોડે; પરંતુ તેમાં દુઃખ, અશાંતિ જ વધુ. સંસાર જાણે કે વિશાલાક્ષીનો વમળ, નાવ એક વાર એ વમળમાં સપડાય તો પછી બચે નહિ.

બોરડીના કાંટાની પેઠે એક કાઢો તો બીજો ભરાય. ભૂલભૂલા-મણીમાં એકવાર પેઠા એટલે પછી નીકળવું કઠણ. સંસારમાં માણસ જાણે કે બળીજળી જાય.

એક ભક્ત—ત્યારે હવે ઉપાય?

શ્રીરામકૃષ્ણ—ઉપાય સત્સંગ અને પ્રાર્થના.

વૈદ્યની પાસે ગયા વિના રોગ મટે નહિ. સાધુસંગ એકદિવસ કર્યે વળે નહિ, હમેશાં તેની જરૂર; કારણ કે રોગ તો લાગેલો જ છે. તેમ જ વૈદ્યની પાસે રહ્યા વિના નાડીજ્ઞાન થાય નહિ, તેની સાથે સાથે ફરવું જોઈએ. ત્યારે કઈ કફની નાડી, કઈ પિત્તની નાડી એ બધું સમજાય.

ભક્ત—સાધુસંગથી શો ફાયદો થાય?

શ્રીરામકૃષ્ણ—ઈશ્વરમાં અનુરાગ થાય, તેની ઉપર પ્રેમ આવે. ઈશ્વર માટે આતુરતા આવ્યા વિના કાંઈ ન વળે. સાધુસંગ કરતાં કરતાં ઈશ્વરને માટે પ્રાણ આકુળવ્યાકુળ થાય. જેમ કે ઘરમાં કોઈ બિમાર હોય તો મન હમેશાં વ્યગ્ર રહ્યા કરે, કે કેમ કર્યે એ સાજું થાય. તેમ જો કોઈની નોકરી તૂટી ગઈ હોય, તો એ વ્યક્તિ જેમ ઓફિસે ઓફિસે ધક્કા ખાધા કરે, તેવી આતુરતા ઈશ્વરને માટે આવવી જોઈએ. જો કોઈ ઓફિસેથી જવાબ મળે કે જગા ખાલી નથી, તોય પાછો બીજે દિવસે આવીને પૂછે કે 'આજે એકે જગા ખાલી પડી છે?'

"બીજો એક ઉપાય છે : આતુર થઈને ઈશ્વરની પ્રાર્થના. ઈશ્વર તો આપણો પોતાનો, તેને પ્રાર્થના કરવી જોઈએ કે તમે કેવા છો? દર્શન આપો, દર્શન દેવાં જ પડશે, તમે મને ઉત્પન્ન શા માટે કર્યો?



શીખ સિપાઈઓએ કહેલું કે ઈશ્વર દયાળુ છે. મેં તેમને કહ્યું કે 'એને દયાળુ કહેવો શા માટે? તેણે આપણને પેદા કર્યા છે, તેથી જેનાથી આપણું ભલું થાય એવું જો એ કરે, તો એમાં શી નવાઈ? માબાપ છોકરાંનું પાલન કરે, તેમાં વળી દયા શેની? એ તો એણે કરવું જ પડે. એટલે ઈશ્વરની પાસે હઠપૂર્વક પ્રાર્થના કરવી જોઈએ. ઈશ્વર તો આપણી મા, આપણો બાપ. છોકરો જો અન્ન ખાવાનો ત્યાગ કરે તો બાપ મા ત્રણ વરસ અગાઉથી જ તેનો ભાગ કાઢી આપે. વળી જ્યારે છોકરું પૈસો માગે, અને વારેવારે કહ્યા કરે, 'બા પૈસો આપ ને,' તો પછી મા તેની હઠ જોઈને કંટાળીને પૈસો ફેંકી દે.

"સત્સંગથી બીજો એક લાભ થાય. સત્–અસત્‌નો વિચાર આવે. સત્ એટલે નિત્ય પદાર્થ, એટલે કે ઈશ્વર. અસત્ એટલે કે અનિત્ય. અસત્ માર્ગે મન જાય તેની સાથે જ વિચાર કરવાનો. હાથી બીજાની કેળનું થડિયું ખાવા સારું સૂંઢ લાંબી કરે કે તરત મહાવત અંકુશ મારે.

પાડોશી : મહાશય, પાપની ઈચ્છા શા માટે થતી હશે?

શ્રીરામકૃષ્ણ : ઈશ્વરના આ જગતમાં બધા પ્રકાર છે. સત્પુરુષોને પણ તેમણે કર્યા છે, દુષ્ટ લોકોનેય તેમણે કર્યા છે. સદ્‌બુદ્ધિ ભગવાન જ આપે છે, અસદ્‌બુદ્ધિ પણ એ જ આપે છે.

પાડોશી : તો તો પછી પાપ કરીએ તો આપણી કશી જવાબ-દારી નહિ!

શ્રીરામકૃષ્ણ : ઈશ્વરનો નિયમ જ એવો છે કે પાપ કર્યે તેનું ફળ ભોગવવું પડે. મરચું ખાધે તીખું ન લાગે? મથુરબાબુએ જુવાનીમાં કેટલાય ધંધા કરેલા, એટલે મૃત્યુ વખતે અનેક

પ્રકારનાં દરદો થયેલાં. નાની અવસ્થામાં એટલું બધું જણાય નહિ, કાલીમંદિરે દેવતાઓને ધરાવવાનો ભોગ રાંધવા માટે કેટલાંય બળતણનાં લાકડાં આવે. તેમાંનાં ભીનાં લાકડાં પહેલાં તો સારી રીતે બળ્યે જાય, એ વખતે એમની અંદર પાણી છે એ ખબર ન પડે. પણ લાકડું બળતાં બળતાં ઓલવી નાંખે. એટલે કામ, ક્રોધ, લોભ એ બધાંથી સાવચેત રહેવું જોઇએ. જુઓને, હનુમાને ક્રોધ કરીને લંકા બાળી દીધી, પણ પછી ખ્યાલ આવ્યો કે અશોકવનમાં સીતાજી રહ્યાં છે. ત્યારે પછી આકુળવ્યાકુળ થવા લાગ્યા કે પાછું સીતાને કાંઇ થાય તો?

પાડોશી : તો પછી ઈશ્વરે દુષ્ટ લોકો કર્યા શા માટે?

શ્રીરામકૃષ્ણ : એની મરજી, એની એવી લીલા. એની માયામાં વિદ્યા પણ છે, અને અવિદ્યા પણ છે. અંધકારની પણ જરૂર છે. અંધકાર હોય તો પ્રકાશનો મહિમા વધુ જણાય. કામ, ક્રોધ, લોભ વગેરે ખરાબ ખરાં, તો પછી ભગવાને એ આપ્યાં શું કામ? મહાન પુરુષો તૈયાર કરવા માટે. ઈન્દ્રિયજય કરવાથી મહાન થાય. જિતેન્દ્રિય શું ન કરી શકે? ઈશ્વરપ્રાપ્તિ સુદ્ધાં એની કૃપાથી કરી શકે. તેમ વળી બીજી બાજુએ જુઓ તો કામવાસનાથી ભગવાનની સૃષ્ટિલીલા ચાલી રહી છે.

દુષ્ટ માણસોની પણ જરૂર છે. એક તાલુકાના લોકો બહુ જ ઉદ્ધત થઇ ગયેલા. એટલે ગોલોક ચૌધરી નામના એક માણસને ત્યાં વ્યવસ્થા જાળવવા માટે મોકલી આપવામાં આવ્યો. તેણે એવો કડક બંદોબસ્ત સ્થાપી દીધો કે તેના નામથી લોકો ધ્રૂજવા લાગ્યા, એવો કડક તેનો કારભાર. બધાની જરૂર છે. સીતા કહે કે રામ, અયોધ્યામાં બધીયે મોટી મોટી આલેશાન ઈમારતો હોય તો બહુ



સારું થાય; હું તો જોઉં છું તો ઘણાંય મકાનો જૂનાં, પુરાણાં, પડી ગયેલાં છે. રામે જવાબ આપ્યો કે, સીતા, જો બધાંય મકાન સુંદર ને આલેશાન થઇ જાય તો પછી કડિયા શું કરે? (સૌનું હાસ્ય.)

ઈશ્વરે સર્વ પ્રકારનું કર્યું છે : સારાં ઝાડ છે તેમ ઝેરી વૃક્ષો પણ છે. જાનવરોની અંદર સારાં નરસાં એમ બધાંય છે : વાઘ, સિંહ, સાપ વગેરે.

પાડોશી : મહાશય, સંસારમાં રહીનેય શું ભગવાનને પામી શકાય?

શ્રીરામકૃષ્ણ : જરૂર પામી શકાય. પણ જે કહ્યું તે સાધુસંગ, અને નિરંતર પ્રાર્થના કરવાં જોઇએ. ઈશ્વરની પાસે રડવું જોઇએ. મનનો મેલ બધો ધોવાઇ જાય તો ઈશ્વરનાં દર્શન થાય. મન જાણે કે ધૂળ ચડેલી લોઢાની સોય, ઈશ્વર જાણે કે લોહચુંબક પથ્થર. ઉપરની ધૂળ ધોવાઇ ગયા વિના લોહચુંબકની સાથે સોય જોડાય નહિ. રુદન કરતાં કરતાં સોય પરની માટી ધોવાઇ જાય. સોય પરની માટી એટલે કે કામ, ક્રોધ, લોભ, પાપી વિચારો, વિષય-વાસના. એ માટી ધોવાઇ જતાંવેંત સોયને લોહચુંબક ખેંચી લે, અર્થાત્ ઈશ્વરદર્શન થાય. ચિત્તશુદ્ધિ થાય ત્યારે ઈશ્વરની પ્રાપ્તિ થાય. તાવ આવ્યો છે, દેહમાં કેટલાય ઝેરી રસો ભેગા થયા છે, ત્યારે માત્ર ક્વીનાઇનથી શું વળે? સંસારમાં ઈશ્વરદર્શન ન થાય શા માટે? સત્સંગ, રડી રડીને પ્રાર્થના, વચ્ચે વચ્ચે એકાંત નિર્જન સ્થળમાં વાસ, આ બધાંથી થાય. જેમ વાડ ન કરીએ તો રસ્તા પરના નાના છોડને ગાયબકરાં ખાઇ જાય, તેમ મનને આ બધાં-ની વાડ કરવી જોઈએ.

પાડોશી : તો તો પછી, જેઓ સંસારમાં રહ્યા છે તેમનીયે મુક્તિ થવાની?

શ્રીરામકૃષ્ણ : મુક્તિ સર્વ કોઈની થવાની, પણ ગુરુના ઉપ-દેશ પ્રમાણે વર્તવું જોઈએ. આડે રસ્તેથી ગયે પાછી ફરી આવતાં મુશ્કેલી પડે, મુક્તિ ઘણી જ મોડી થાય. કાં તો આ જન્મમાં થાય જ નહિ, કેટલાય જન્મો પછી થાય. જનક વગેરેએ સંસારમાં રહીનેય સાધના કરી હતી. ઈશ્વરને માથા પર રાખીને કામ કરતા; નાચવાવાળ જેમ માથા પર વાસણ રાખીને નાચે તેમ. અને પશ્ચિમ(ભારત)ની સ્ત્રીઓને તમે જોઈ નથી? માથા પર પાણીનું આખું બેડું હોય અને હસતી હસતી વાતો કરતી જતી હોય.

પાડોશી:આપે કહ્યું, ગુરુનો ઉપદેશ. તે ગુરુ કેમ કરીને મળે?

શ્રીરામકૃષ્ણ : ગમે તે માણસ ગુરુ થઈ શકે નહિ. જંગી લાકડું પોતેય તરતું ચાલ્યું જાય, અને કેટલાંય જીવજંતુઓ પણ તેના પર બેસીને જઈ શકે. પણ પોલું ફોફાં જેવું લાકડું, જો તેના ઉપર કોઈ બેસે તો તે પોતેય ડૂબી જાય અને જે બેસે તેય ડૂબી જાય. એટલા માટે ઈશ્વર પોતે યુગે યુગે લોકોને ઉપદેશ આપીને માર્ગ બતાવવા માટે ગુરુરૂપે અવતાર લે; સચ્ચિદાનંદ ગુરુ.

"જ્ઞાન કોને કહે; અને હું કોણ? 'ઈશ્વર જ કર્તા, બીજા બધા અકર્તા' એ અનુભવવાનું નામ જ્ઞાન. હું અકર્તા, ઈશ્વરના હાથનું યંત્ર. એટલે હું કહું, કે 'મા, તમે યંત્ર ચલાવનાર, હું યંત્ર; તમે ઘરમાલિક, હું ઘર; હું ગાડી, તમે ગાડી ચલાવનાર; જેમ ચલાવો તેમ ચાલું, જેમ કરાવો તેમ કરું; જેમ બોલાવો તેમ બોલું; નાહં, નાહં, તુંહિ તુંહિ."



સંત વિનોબાજીના જીવનના

# કેટલાક પ્રેરક પ્રસંગો

સંકલન : કૃષ્ણવદન શાહ

## દાદા શંભુરાવ શ્રદ્ધાળુ ભક્ત

વિનોબાના દાદા શંભુરાવ ભાવે ચિત્પાવન બ્રાહ્મણ હતા. મહારાષ્ટ્રના મોટા અગ્નિહોત્રી હતા. શંભુરાવ ભાવે ઈનામદાર હતા. મોટા જમીનદાર ગણાતા. મોટું મકાન હતું. ઘર સામે વિશાળ આંગણું હતું. મહારાષ્ટ્રમાં રાયગઢ જિલ્લો કોંકણ પ્રદેશ એમાં પેણ તાલુકામાં આવેલું ગાગોદે ભાવે કુટુંબનું ઈનામી ગામ હતું. વિનોબાના દાદાજીને ગાગોદે ગામ એમની વીરતા માટે ઈનામમાં મળેલું. ગાગોદે ૮૦–૮૫ ઘરોનું સાવ નાનકડું ગામ. ભારે ગરીબ, લંગોટીભર લોકો. ગામમાં શાળા ન મળે. શંભુરાવ ત્યાં રહેતા હતા. ભાવે કુટુંબના કુળદેવતા કોટેશ્વર મહાદેવનું મંદિર સતારા નજીક આવેલ વાઈ ગામમાં હતું. શંભુરાવ કોટેશ્વરના અનન્ય ભક્ત હતા, એ ઘણું ખરું વાઈમાં જ રહેતા હતા.

શંભુરાવ નરસિંહ મહેતા જેવા શ્રશ્રદ્ધાળુ ભક્ત હતા. શંભુરાવ ધર્મપરાયણ હતા. એમના વિચારો મૌલિક અને મિજાજ સ્વતંત્ર હતો.

શંભુરાવને ગંગાબાઈથી ત્રણ પુત્રો હતા. નરહર, ગોપાળ અને ગોવિંદ.

નરહરભાવેને રખુમાઈ–રૂક્મિણી બાઈથી ચાર પુત્રો અને એક પુત્રી એમ પાંચ સંતાન હતા. પુત્રોમાં સૌથી મોટો વિનાયક પછી

બાલકૃષ્ણ, પછી શિવાજી અને સૌથી નાના દત્તાત્રેય અને નાની બહેન શાંતા. દત્તાત્રેય કિશોરવયમાં ગુજરી ગયા હતા. વિનાયકનો જન્મ સને ૧૮૯૫ ના સપ્ટેમ્બરની ૧૧ મી તારીખે થયો હતો.

દાદા શંભુરાવની ભગવાનમાં ઘણી શ્રદ્ધા હતી. મોટા ભક્ત હતા. રોજ સવારે શિવજીની પૂજા કરે. કલાકો સુધી એમની પૂજા ચાલે. નાના વિન્યાની સાથે ત્રણે ભાઈ બહેનો સવારે વહેલા ઊઠે, તેઓ આંગણામાંથી ફૂલ પાંદડા વીણીને દાદાજીને પૂજા માટે આપતા. દાદાજી પૂજા માટે ચંદન વિન્યા પાસે ઘસાવતા.

**ચાંદ્રાયણનો વ્રતનો પહેલો પ્રસાદ વિન્યાને મળતો**

દાદા શંભુરાવ વ્રત–ઉપવાસ કરતા હતા. તેઓ ચાંદ્રાયણ વ્રત કરતા હતા. એ વ્રતમાં પડવા(એકમ)ને દિવસે એક જ વાર ભોજન લેતા હતા. પછી રોજ ચંદ્રની કળા સાથે સાથે રોજ એક એક કોળિયો વધારતા જાય. પૂનમને દિવસે પંદર કોળિયા ભોજન લે. પછી એકમથી એક એક કોળિયો ઘટાડતા જાય. અમાસને દિવસે નકોરડો ઉપવાસ કરે. ચાંદ્રાયણ વ્રત કરતી વખતે ચંદ્રોદય થાય ત્યારે એની પૂજા અને આરતી કરતા હતા. પછી એ દિવસે જેટલા કોળિયા ખાવાના હોય તેટલા લેતા હતા.

ચંદ્ર રોજ નક્કી સમયે ઊગે નહીં. ક્યારેક સંધ્યાટાણે ઊગે, ક્યારેક મોડી રાતે ઊગે. ચંદ્રોદય વખતે ઘરમાં બધા બાળકો ભર ઊંઘમાં સૂતા હોય. ચંદ્રોદય વખતે ઘરમાં બધા બાળકો ભર ઊંઘમાં સૂતા હોય. ચંદ્રોદય થાય એટલે માતા વિન્યાને પથારીમાંથી ઊઠાડે. વિન્યો અડધો પડધો ઊંઘમાં હોય. દાદા પૂજા આરતી પૂરી કરે એટલે દાદા એને પહેલો પ્રસાદ આપે, એ ખાઈને એ સૂઈ જતો.

ગણપતિની ચોથને દિવસે ગણપતિની મૂર્તિની સ્થાપના થતી.



દાદા ગણપતિની મૂર્તિ બનાવતા હતા. નાનો વિન્યો દાદાના કામમાં મદદ કરતો. ચૌદ દિવસ સુધી ઘરમાં ઉત્સવનું વાતાવરણ બની રહેતું. રોજ પૂજા આરતી થતી. વિન્યો રોજ ચંદન ઘસી આપતો. દાદા જે કહે તે બધું કરે. ચૌદમે દિવસે ભજન કીર્તન કરતાં કરતાં ધામધૂમપૂર્વક મૂર્તિનું વિસર્જન કરવા જતા. એને પાણીમાં ડુબાડે ત્યારે વિન્યાને ઘણું દુઃખ થતું.

એક વખત દાદા પૂજામાં બેઠા હતા. એમને તાવ હતો. શરીર કાંપવા લાગ્યું. એમની પૂજા બે ત્રણ કલાક ચાલે. પૂજામાં આવું વિઘ્ન આવે તે દાદાને ન ગમ્યું. એ તો તરત જ ઊઠયા. બાજુમાં કૂવો હતો એમાં કૂદી પડયા. દાદા કુશળ તરવૈયા હતા. એ તરીને ઉપર આવ્યા. શરીર લૂછીને પાછા પૂજા કરવા માંડી.

**ભગવાનનો આશ્રય લેનારને મરાય નહીં**

વિન્યો સાત–આઠ વરસનો હતો. દાદા પૂજા કરતા હતા. વિન્યો દાદા પાસે બેઠો હતો. ભગવાનની મૂર્તિ ઉપર વીંછી આવીને બેસી ગયો. બધા ભયથી બૂમો પાડવા લાગ્યા. વીંછીને પકડીને મારી નાંખો. દાદાએ સૌને અટકાવ્યા. દાદાએ કહ્યું, “વીંછીએ ભગવાનનો આશ્રય લીધો છે. એટલે એને આપણાથી મરાય નહીં.” દાદાએ મૂર્તિ પર ફૂલ–ચંદન–પાણી બધું ચઢાવ્યું. થોડીવાર પછી વીંછી ત્યાંથી ઉતરીને જતો રહ્યો.

ઘરમાં એક છોકરો કામ કરતો હતો. એ છોકરાએ પૂછ્યા વગર ગોળ ચોરીને ખાધો. વિન્યાની દાદીમાએ દાદાને ફરિયાદ કરી. દાદાએ એ છોકરાને પાસે બોલાવીને પ્રેમથી કહ્યું, “તને જ્યારે મન થાય ત્યારે ગોળ માંગી લેજે. તને ગોળ આપશે.” ધીમે ધીમે એ છોકરાની ટેવ છૂટી ગઈ.

દાદાના સંસ્કારો નાના વિન્યા અને એના ભાઈ ભાંડુઓ પર પડયા. વિનોબા કહે છે, "મધરાતે મને જગાડીને દાદા ભગવાન-ના દર્શન કરાવીને પ્રસાદ જમાડતા એને હું કદી ભૂલી શકતો નથી.

**ભક્તિ રસ ઘેલી માતા રખુમાઈ અને શાસ્ત્રજ્ઞ પિતા નરહર**

રખુમાઈ એક આદર્શ મહારાષ્ટ્રીય માતા હતાં. ધર્મ અને સંતોમાં એમની ઊંડી શ્રદ્ધા હતી. મરાઠી સંતોના અનેક પદો એમને જીભને ટેરવે હતાં. સ્નાન કે રસોઈ કરતા એ ભજનો ગણગણતાં જ હોય. વિનાયકના કુમળા ચિત્ત પર સંત–સંસ્કૃતિના સંસ્કારો પડતા હતા. પાડોશીઓની નિંદા કે ખટપટમાં એને રસ નહોતો. એના દેવને રીઝવવા એ ભક્તિરસ ઘેલી આઈ મશગુલ રહેતી. માતા પ્રાચીન ધર્મની ઉપાસક હતી.

માતા રખુમાઈ ભણી નહોતી. માને વાંચતાં લખતાં વિન્યાએ શીખવ્યું. પિતા નરહર ગણિતજ્ઞ, શાસ્ત્રજ્ઞ, અને રસાયણ શાસ્ત્રી હતા. સંગીતમાં પણ ઘણો જ રસ હતો. એમણે ભારતીય સંગીત-નું અધ્યયન કર્યું હતું. એક મુસલમાન ગવૈયા પાસે સંગીતનું શિક્ષણ લીધું હતું. ચૌદ–ચૌદ કલાક સંગીતની સાધના કરતા હતા. શાસ્ત્રીય સંગીતનાં બે પુસ્તકો 'નાદરખાં કા મૃદંગબાજ' અને 'શેખ રાહતઅલી કા ઠુમરી સંગ્રહ' પોતાના ખર્ચે છપાવ્યા હતા. બીજાં આઠ દસ પુસ્તકો એમની પાસે તૈયાર પડયાં હતાં.

પિતા નરહરને જાત જાતના રંગો બનાવવાનું ખૂબ ગમે. એમને વડોદરામાં નોકરી મળી હતી. એમનો ઓરડો પ્રયોગશાળા બન્યો હતો. રંગના જાતજાતના પ્રયોગો કરતા રહેતા. નાનો વિન્યો એની મા પાસે ગાગોદેમાં રહેતો હતો.

માતા રખુમાઈ ઘર ગૃહસ્થીના કામમાં ગૂંથાયેલી રહેતી હતી.



સવારે ઘરમાં સૌથી વહેલી ઊઠે. રાત્રે બધા સૂઈ જાય પછી એ સૂઈ જાય. સવારે ઊઠતાં જ ભગવાનનું નામ સ્મરણ શરૂ થઈ જતું. ઘંટી પર દળવા બેસે. ઘંટીએ દળતાં ભગવાનના ભજનો ગાય. ખૂબ ભાવ અને ભક્તિપૂર્વક ગાતી હતી. એનો કંઠ ખૂબ મધુર હતો. અત્યંત તન્મય થઈને ગાતી હતી. માતાનું પિયર કર્ણાટકમાં હતું. એટલે કન્નડ ભજનો પણ ગાતી હતી.

એનું ન્હાવા–ધોવાનું, રસોઈ કરે ત્યારે પણ ભગવાનની ધૂન ચાલુ રહેતી હતી. ભગવાનના ભજન ગાવામાં કેટલીક વાર મસાલા નાંખવાનું એ ભૂલી જતી. એનો નિયમ હતો. ઘરમાં સૌને જમાડે પછી ભગવાનની પૂજા કરે. ભગવાનની પૂજા કર્યા વગર મોઢામાં કાંઈ જ નાંખવાનું નહિ. રસોઈ બનાવતા એ ચાખે નહિ.

**માતા બધાને ખવડાવી, પૂજા કર્યા પછી જ ખાતી**

એક વખત શાકમાં મીઠું બે વખત નાંખી દીધું. મા તો ચાખે નહિ. વિન્યો પહેલા ખાવા બેઠો. વિન્યાનું ખાવા તરફ બહુ ધ્યાન ન રહે. મા જે પીરસે તે ખાઈ લે. એ તો જમીને જતો રહ્યો. પછી પિતાજી જમવા બેઠા. શાક ખાધું ને ખારું લાગ્યું. માએ વિન્યાને કહ્યું, શાકમાં મીઠું વધારે હતું તો તારે મને કહેવું જોઈએ ને મેં એને કહ્યું કે, મા તું જ ચાખી લેતી હોય તો. માએ કહ્યું કે, ભગવાનની પૂજા કર્યા વગર, એમને નૈવેદ્ય ચઢાવ્યા વગર કેવી રીતે ચખાય?

માતા રખુમાઈ ભગવાનની ભક્ત હતી ઘરના તમામ લોકોને ખવડાવી દે. ઘરનું કામકાજ કરી નાંખે. કશું પણ ખાધા વગર એ ભગવાન પાસે બેસી જતી. ભગવાનની ભક્તિભાવથી સંપૂર્ણ પૂજા કરતી. ભગવાનને ફૂલ ચઢાવે. આરતી કર્યા પછી એ ભગવાનને

પગે લાગતી. પ્રણામ કરતી વખતે બેઉ કાનની બુટ્ટી પકડતી અને બોલતી, "હે અનંત કોટિ બ્રહ્માંડ–નાયક, મારા અપરાધોને ક્ષમા કર" આવું બોલતાં એની આંખોમાંથી આંસુઓની ધારા અવિરત વહેવા માંડતી. ભક્તિભાવથી ભરપૂર એમનું હૃદય હતું. પૂજા કરતી વખતે રોજ આવી રીતે આંસુઓની ધારા વહેતી હતી.

નાગપાંચમને દિવસે રખુમાઇ નાગદેવતાની પૂજા કરતી. નાગદેવતાનું ચિત્ર બજારમાંથી ન મંગાવે. એ નાના વિન્યા પાસે ચિત્રાવતી હતી. એ કહે, "બજારમાં સરસ સુંદર ચિત્ર મળતું હોય પણ મારે તો તારા હાથનું દોરેલું ચિત્ર જ જોઇએ." વિન્યો કંકુથી નાગદેવતાનું ચિત્ર ભીંત પર દોરી આપતો.

**દૂધ મેળવતા, દવા પીવડાવતા ભગવાનનું નામ લે**

રખુમાઇને ભગવાનમાં ઘણી શ્રદ્ધા હતી. રાત્રે દૂધ મેળવતી વખતે એ ભગવાનનું નામ દઇને જ મેળવતી. એ કહે, "આપણે ભલેને ગમે તેટલી મહેનત કરીએ પણ ભગવાનની કૃપા વગર દહીં મેળવાશે નહીં."

વિન્યો બાળપણમાં ખૂબ માંદો પડતો. મા દવા પીવડાવતી વખતે વિન્યા પાસે એક શ્લોક બોલાવે, **औषधं जाहनवी तोयं वैद्यो नारायणो हरिः** માતા નાના વિન્યાને સમજાવે કે, "દાક્તરને ભગવાન સમજ અને એ જે દવા આપે તેને ગંગાજળ સમજો."

વજ્ર જેવી દૃઢતા કેળવવાના સંસ્કારની સાથેસાથ ફૂલ જેવા મૃદુ હૃદય કેળવવાના સંસ્કાર વિનાયકને માતાએ બાળપણમાં આપ્યા હતા.

**વિન્યાને દેશપ્રેમ અને બલિદાનના સંસ્કાર મળ્યા**

ગાગોદેનું વાતાવરણ નાના વિન્યા માટે પ્રેરક હતું. વડેરાઓ



સ્વરાજ્યની વાતો કરતા. શિવાજી મહારાજ, તાનાજી, સૂર્યાજી, બાજીપ્રભુ અને સ્વામી રામદાસની કથાઓ નાનો વિન્યો સાંભળતો. એના ચિત્ત પર દેશપ્રેમની ભાવનાના સંસ્કાર દૃઢ થતા જતા હતા. સંત તુકારામ, સંત એકનાથ, સંત જ્ઞાનેશ્વર અને મોરોપંત જેવા સંતોની વાણી માતા રખુમાઇ સંભળાવતી હતી.

શિવાજીના ગુરુ અને મહારાષ્ટ્રના રાજકીય સંત ગણાતા સમર્થ રામદાસના દાસબોધ, ગ્રંથની ઘણી ઊંડી અસર નાના વિન્યા પર થઇ.

**બારણે આવેલા બધા ભગવાન**

બારણે ભીખ માંગવા આવે તો માતા રખુમાઇ એને ખાલી હાથે જવા ન દેતી. એક દિવસ અલમસ્ત ભિખારી આવ્યો. માતા રખુમાઇએ બાળક વિન્યાને એને ભિક્ષા આપવા કહ્યું. વિન્યો કહે, "મા આવા લોકોને ભિક્ષા આપવાથી દેશમાં આળસ વધશે." માએ સાંભળ્યા પછી કહ્યું, "વિન્યા, પાત્ર અપાત્રની પરીક્ષા કરનારા આપણે વળી કોણ? આપણે માટે તો બારણે આવેલા દરેક માણસને ભગવાન જ સમજવા. એને યથાશક્તિ દેવું, એટલું જ રહે છે." માની આ વાત સાંભળી અને વિન્યાએ ભિખારીને ભીક્ષા આપી.

**તુલસીમાં પાણી રેડીને આવ, પછી જમવા મળશે**

ઘરના વાડામાં તુલસીનો છોડ ઊગ્યો હતો. માતા રખુમાઇ એને રોજ પાણી પાય. વિન્યો મોટો થયો. માતાએ આ કામ કરવાનું વિન્યાને સોંપ્યું. એક વાર એ નાહીને નીકળ્યો. એ તરત જ જમવા માટે બેસી ગયો. માતાએ એને પૂછ્યું, "તેં તુલસીને પાણી પાયું? વિન્યાએ ના કહી. માતા કહે પહેલા તું તુલસીમાં

પાણી રેડી આવ. પછી તને તરત જ જમવા દઇશ." વિન્યો પાણી તુલસીને રેડીને આવ્યો પછી એને જમવાનું પીરસ્યું.

### દેવ થવું હોય તો આપીને ખાવ

ગાગોદેમાં ઘરના આંગણામાં ફણસનું ઝાડ હતું. વિન્યો સાત વરસનો હતો. વિન્યો અને એના બન્ને ભાઇઓ ઝાડની દેખભાળ રાખે. રોજ પાણી પાય. એના પર ફળ બેઠું. એટલે રોજ માને કહે, "મા આ ફળ તોડીએ?" મા કહે, હજી મોટું થવા દે, મોટું થયું એટલે ફરી કહ્યું, મા હવે ફળ તોડીએ, તો કહે હજુ પીળું થવા દે ફણસ બરોબર પાક્યું. વિન્યાએ કહ્યું, "મા હવે ફળ તોડીએ?" માએ રજા આપી. એટલે ફણસ તોડયું. ફણસમાંથી પેશીઓ કાઢી પછી ખાવા માટે પેશી લેવા ગયા. માએ અટકાવ્યા. મા કહે, "પહેલું ફળ તો ભગવાનને આપવું જોઇએ ઘરમાં ભગવાનને બધી પેશીઓ ધરાવી એ પ્રસાદ થયો. એ ખાવા માટે ઉતાવળા બન્યા. એટલે માએ તેઓને કહ્યું, આ તો ભગવાનનો પ્રસાદ થયો બધાને વહેંચી પછી ખવાય." પણ છોકરાઓ માનવા તૈયાર નહોતા. એટલે માએ કહ્યું, "બોલો તમારે દેવ થવું છે કે રાક્ષસ?" બધા કહે "દેવ" જે દે એ દેવ અને રાખે એ રાક્ષસ.

વિન્યો અને એના ભાઇ બહેનો એ ફણસની પેશીઓનો પ્રસાદ આડોશ-પાડોશમાં વહેંચવા ગયા. બધા ખૂબ વહાલ કરે. આમ બધાને આપીને મા પાસે ગયા. છેલ્લે વધેલી પેશીઓ તેમણે ખાધી. વિન્યો માને કહે, "મા આ થોડી પેશીઓ ખાવામાં ઘણો જ આનંદ આવે છે."

### માએ વિન્યાનો ભૂતનો ડર, પડછાયાનો ડર દૂર કર્યો

નાના વિન્યાને ભૂતનો ડર લાગ્યો. માએ એને સમજાવ્યું કે, "પરમેશ્વરના ભક્તોને ભૂત ક્યારેય ન સતાવે. ભૂતની બીક લાગે



તો ફાનસ લઇને અને રામનામ જપતો રહે. ભૂત બૂત જે કાંઇ હશે તે ભાગી જશે."

એક વાર રાત્રે ભીંત પર વિન્યાએ લાંબો પડછાયો દીઠો. આટલો લાંબો માણસ એણે જોયો નહોતો. એ તો ડરી ગયો. મા પાસે ગયો. માએ વિન્યાને કહ્યું, "અરે, એમાં ડરવાની કોઇ જરૂર નથી એ તો તારો ગુલામ છે. તુ જેવો હુકમ દઇશ તેવું તે કરશે. તું ઊભો થઇશ તો તે ઊભો થશે. તું બેસીશ તો તે બેસી જશે." એ પ્રમાણે વિન્યાને કહ્યું. એને ધ્યાનમાં આવ્યું કે આ તો આપણો ગુલામ છે. માએ વિન્યાનો ભૂતનો ડર શ્રદ્ધાપૂર્વક અને પડછાયા-નો ડર બુદ્ધિપૂર્વક દૂર કરી દીધો.

### પિતાજીએ વિન્યાને પુસ્તકોનો ચસકો લગાડયો

પિતા નરહર વડોદરા નોકરી કરતા હતા. નાનો વિન્યો મા સાથે ગાગોદેમાં રહેતો હતો. દિવાળીના તહેવારમાં નરહર ગાગોદે જાય. બાળકો માટે મિઠાઇ લઇ જાય. આ વખતે દિવાળીના તહે-વારોમાં એ ગાગોદે આવ્યા ત્યારે મોટું પડીકું બાંધેલું સાથે લાવેલા. વિન્યાને થયું કે પિતાજી ઘણી મિઠાઇ લાવ્યા છે. હોંશે હોંશે એ પડીકું લીધું. એ ખોલ્યું તો એમાંથી બે પુસ્તકો નીકળ્યાં. "બાળ રામાયણ" અને "બાળ મહાભારત" આ બંને પુસ્તકો વિન્યાએ માને બતાવ્યાં. આ પુસ્તકો જોઇ માની આંખોમાં હર્ષના આંસુ આવ્યા. એણે કહ્યું, "પિતાજી તારા માટે જે મિઠાઇ લાવ્યા છે, તેનાથી વધારે સારી મિઠાઇ બીજી કોઇ હોઇ જ ન શકે." માના આ શબ્દોએ બાળક વિન્યાને સાચી મિઠાઇનો ચસકો લગાડયો.

### આજીવન બ્રહ્મચર્યનો સંકલ્પ કર્યો

આવી ભક્તિની અને સાત્ત્વિકતાની, દેશપ્રેમની અને બલિ-

દાનની ભાવનાવાળું વાતાવરણ હતું. બાળક વિનાયકે ૧૦ વર્ષની કુમળી વયે આજન્મ નિષ્ઠાપૂર્વક બ્રહ્મચર્ય પાળવાની ભીષ્મપ્રતિજ્ઞા લીધી. સત્સંગ, મનોબળ અને દૃઢતાથી એનું વ્રતપાલન કર્યું.

વિનાયકની દશ વર્ષની ઉંમર. નાનપણમાં ધૂનમાં રહેતો એને આજીવન બ્રહ્મચર્ય પાળવાનો સંકલ્પ કર્યો. બ્રહ્મચારીના ધર્મ બતાવનારું એક પુસ્તક એણે વાંચ્યું. એમાં મનુ મહારાજના કેટલાક ઉદાહરણો હતા. બ્રહ્મચારી માટે કેટલાક નિયમો લખ્યા હતા **वर्जयेत् उपानच्छात्र धारणम्** બ્રહ્મચારીએ જોડા ન પહેરવા જોઈએ. છત્રી પણ ન વાપરવી જોઈએ. ત્રીજું ગાદલું પણ ન પાથરવું જોઈએ.

વિનાયકે બ્રહ્મચર્ય પાળવાનું નક્કી કર્યું. એણે તો ગાદલા પર સૂવાનું છોડી દીધું. જોડા અને છત્રી છોડી દીધા. વડોદરાના ધોમધખતા તડકામાં જોડા ન પહેરવાથી આંખો બગડી. ભર બપોરે ડામરની સડકો પર કલાકો સુધી રખડયા કરતા હતા. નાનપણમાં આ નિયમોનું પાલન કરવાની ઘણી જ તીવ્રતા હતી.

ખાવા પીવા અંગેના નિયમો પણ એ મક્કમતાથી પાળતા હતા. લગ્ન જેવા પ્રસંગોએ એ ક્યાંયે જમવા ન જતો. નાની બહેનના લગ્ન વખતે લગ્નનું ભોજન ના ખાધું. માતાએ એને માટે જુદુ રાંધીને ખવડાવ્યું.

માએ વિન્યાને સમજાવ્યો, "લગ્નના જમણવારમાં તું મિષ્ટાન્ન વગેરે ન ખા. પરંતુ ત્યાંના દાળભાત ખાવામાં તને વાંધો ન હોવો જોઈએ. એ જ દાળભાત જુદા બનાવું તો ત્યાંના દળભત ખવામાં શું દોષ છે?"

માની આ કુશળતા હતી. પહેલા જુદું રાંધીને વિન્યાને



જમાડયો. પછી સમજાવ્યો. વિન્યાએ ત્યાંના દાળભાત ખાવાનું સ્વીકારી લીધું.

બ્રહ્મચર્ય પાળવા માટે વિનાયક ગાદલા પર ન સૂવે, જોડા ન પહેરે વગેરે નિયમો પાળતો હતો. એક દિવસ માતા રખુમાઇ કહે, વિન્યા! તું વૈરાગ્યનું નાટક તો ભારે કરી જાણે છે. પણ જો હું પુરુષ હોત તો દેખાડત કે અસલી વૈરાગ્ય શી ચીજ છે. એમના ત્રણે દિકરા બ્રહ્મચારી નીકળ્યા એ કહેતી કે, વિન્યા ગૃહસ્થાશ્રમનું સારી રીતે પાલન કરવાથી એક પેઢીનો ઉદ્ધાર થાય છે. પરંતુ ઉત્તમ બ્રહ્મચર્યપાલનથી બેતાળીસ પેઢીનો ઉદ્ધાર થાય છે.

### વડોદરામાં વિન્યાને પિતા ઘરે ભણાવતા

૧૯૦૫ માં વિન્યો એની માતા રખુમાઇ સાથે વડોદરા આવ્યો. વડોદરામાં કોઠીની પાસે કાપડી પોળમાં એ રહેતો હતો. નરહર ભાવે વિન્યાને ડાઇંગ રંગકામ શીખવતા હતા. એને શાળામાં ન મોકલતા પાંચ–છ ધોરણ સુધી એમણે ઘરે જ ભણાવ્યા. નાનો વિન્યો ઘણું રખડે. પિતા એને ગણિતના ઢગલાબંધ દાખલા કરવા આપે. પિતાએ આપેલા દાખલા ગણી એ તો બહાર રખડે. પિતાજીએ ગણિતના વિષયમાં એવો તો તૈયાર કર્યો કે પછી એને મેટ્રિક સુધી ગણિત શીખવાની જરૂર ન રહી.

ગણિત–અંગ્રેજીનો અભ્યાસ પૂરો કરીને એ તો ચાર–ચાર પાંચ–પાંચ કલાક રખડયા કરે. પિતાજીએ એને નિશાળમાં દાખલ કરી દીધો. નિશાળમાં ભાઇબંધોને જબરજસ્તીથી ફરવા લઇ જતો. નાનપણથી એને બે ટેવો હતી. એક રખડવું અને બીજું વાંચવું. ફરવા માટે ગમે તે સમયે નીકળી પડે. એક વખત રાત્રે સાડા બાર વાગે વડોદરાના રાજમહેલવાળી સડક પર એ દોડવા

ગયા. રાત્રે ચોકીદારે રોક્યો. એ કહે, "કેમ દોડે છે?" વિન્યાએ કહ્યું, "વ્યાયામ માટે દોડું છું." એ કહે, "રાત્રે એક વાગે કોઈ વ્યાયામ માટે દોડતું હશે? ઉલ્લુ બનાવે છે? નક્કી તારે ચોરી–બોરી કરવી હશે." વિન્યાએ જવાબ આપ્યો, "ચોરી કરનારો જે રસ્તે આવે તે રસ્તે પાછો જાય ખરો કે?" ચોકીદાર ચૂપ થઈ ગયો. વિન્યાને છોડી દીધો.

દિવાળી આવી. ઘેર ઘેર દીવા પ્રગટે. વિન્યો દિવાળીમાં ઘેર ઘેર ફરવા નીકળ્યો. એણે જોયું તો બધાને ઘેર દીવા પ્રગટાવ્યા હતા. મુસલમાનોના ઘરોમાં પણ દીવા પ્રગટાવ્યા હતા.

**માતા રખુમાઈ પાડોશીને માંદગી વખતે રસોઈ બનાવતી**

વિન્યાની માતા રખુમાઈ આડોશપાડોશમાં કોઈના ઘેર મુશ્કેલી હોય, કોઈ બહેન માંદા હોય તો એમને ઘેર રસોઈ બનાવી આપતી. એ વખતે પોતાના ઘરની રસોઈ વહેલી બનાવી દેતી. અને પછી બીજાના ઘરની રસોઈ બનાવવા જતી. આવી રીતે પાડોશમાં એક બહેન માંદા હતાં એટલે એ રસોઈ બનાવવા જતી હતી. એ વખતે વિનાયકે એને કહ્યું, "મા, તું સ્વાર્થી છે. પહેલાં પોતાના બાળકોનો, પોતાના ઘરનો વિચાર કરે છે અને પછી બીજાના ઘરનું કામ કરે છે."

રખુમાઈ હસતાં હસતાં કહે, "બેટા, તારી વાત સાચી છે. પહેલા બીજાની રસોઈ બનાવી દઉં તો એ ઠંડી પડી જાય. એમને ગરમાગરમ ખાવાનું મળે એટલે ત્યાં જમવાના સમયે રસોઈ બનાવવા માંડું છું. એટલે અહીં રસોઈ વહેલી બનાવી રાખું છું."

**નરહરને વિજ્ઞાન ટેકનોલોજીમાં ઊંડો રસ**

નરહર ભાવેને શરૂથી શિક્ષણ સારું મળ્યું હતું. તેઓ ધાર્મિક વૃત્તિવાળા હતા. તેમણે ખંતથી અભ્યાસ કર્યો હતો. આધુનિક વિજ્ઞાનની પ્રગતિ, ટેકનોલોજી વગેરેમાં તેમને ઊંડો રસ હતો.



શ્રીમંત સયાજીરાવે ઔદ્યોગિક શિક્ષણનો પ્રચાર કરવા વડોદરામાં કલાભવન ખોલ્યું. પ્રો. ગજ્જરને તે માટે રોકી લીધા. આનાથી આકર્ષાઈને નરહર ભાવેએ એલફિસ્ટન કોલેજમાં અભ્યાસ છોડી દીધો. તેઓ કલાભવનમાં દાખલ થયા.

તેઓ રંગકામમાં પાવરધા થયા. તે વખતે દેશમાં મિલઉદ્યોગ ખીલતો જતો હતો. કલાભવનમાં શીખેલા જાણકારોને સારી નોકરી મળતી હતી. નરહર ભાવેને પણ સારી નોકરી મળી ગઈ.

તેઓ પોતાના છોકરાઓના ભવિષ્યનો વિચાર કરતા હતા. પુત્રોને પણ આધુનિક જ્ઞાન, વિજ્ઞાન અને ઉદ્યોગોમાં પારંગત કરવાનો તેમણે નિશ્ચય કર્યો.

**પિતાનો પુત્રોને જ્ઞાન–વિજ્ઞાન–ઉદ્યોગમાં પારંગત કરવાનો મનસૂબો**

પુત્રોને વિદેશ મોકલીને ઉદ્યોગોનું શિક્ષણ આપવાનો તેમનો મનસૂબો હતો. તેથી તેમણે મિલની સારા પગારની નોકરી છોડી. તેઓ વડોદરામાં શ્રીમંત ગાયકવાડના ખાનગી ખાતામાં કારકુન તરીકે જોડાયા. બાળકોને ગાગોદેથી વડોદરા બોલાવ્યા.

પિતા નરહર ભાવે ખૂબ સ્વમાની, અક્કડ, વ્યવસ્થિત અને વ્યવસ્થાના આગ્રહી, ઉદ્યમી અને ચીવટવાળા પુરુષ હતા. બાળકો એમનાથી ડરતા. વિનાયક એમની અડફટથી દૂર જ રહેતો.

બાળકોને ઉદ્યોગોનો શોખ વળગે તે ગણતરીથી કચેરીના કામ ઉપરાંત સવાર સાંજ ફુરસદ કાઢી લાકડાનાં બીબાં કોતરતા અને કપડાં પર મૂળાક્ષરના કિત્તા છાપતા.

છોકરાઓની ભાષાની શુદ્ધિ વિષે પણ ખૂબ ચોક્સાઇ રાખતા. ઠકઠક બીબું કોતરતા હોય પણ બાજુના ઓરડામાં સ્પેલીંગ ગોખતો વિન્યો કે બાળુ એક વાર ઉચ્ચાર ખોટો કરે કે તરત પિતાજીની ત્રાડ સંભળાઇ જ સમજો. અલ્યા, ડિક્ષનેરી ઉઘાડી જો. તારા ઉચ્ચાર સુધાર. ઘાણીના બેલની જેમ આંખો બંધ કરીને મહેનત કરવાથી શું વળવાનું છે?

**આંધળા કાકાને ઘરના જ માણસની જેમ માતા રાખતી**

ગાગોદેના ઘરમાં એક આંધળા કાકા રહેતા હતા. ખૂબ મહેનતુ અને સજ્જન હતા. ઘરમાં સૌ એમની પ્રેમભાવે સંભાળ રાખતા.

નરહર ભાવે વિન્યા અને માતા રખુમાઇને વડોદરા રહેવા માટે લઇ ગયા. આંધળા કાકા ગાગોદેમાં જ રહ્યા હતા. એક દિવસ ગાગોદેથી ટપાલ આવી કે આંધળા કાકાનું અવસાન થયું.

ગાગોદેથી કોઇના મરણના સમાચાર આવે એટલે માતા રખુમાઇ બધાને નવડાવતી. અને પછી પોતે નાહી લેતી. આંધળા કાકા ગુજરી ગયા એનું સ્નાન–સુતક ન થયું.

વિનાયકે માતાને પૂછ્યું, "મા, આંધળા કાકા ગુજરી ગયાના ખબર આવ્યા તોય આપણે કેમ સ્નાન ન કર્યું?" માએ કહ્યું, "બેટા એ કાંઇ આપણા સગા નહોતા. એ તો મુશ્કેલીમાં હતા. એમની સંભાળ રાખનારું કોઇ હતું નહીં. એટલે આપણી સાથે રહેતા હતા. વર્ષો સુધી આંધળા કાકાને ઘરના જ માણસની જેમ રખુમાઇ રાખતાં હતાં.

**તું દાણા ગણીને ચડાવે છે એ ભક્તિ છે**

માતા રખુમાઇએ ભગવાનને એક લાખ ચોખાના દાણા ચઢાવવાનો સંકલ્પ કર્યો. રોજ દાણા ગણી ગણીને ભગવાનને



ચઢાવતી. પિતા નરહરે એને ચોખાના દાણા ગણતી જોઇ એટલે કહેવા લાગ્યા, "આ શું રોજ એક એક દાણો ગણતા બેસવાનું? એના કરતાં એક તોલો ચોખા જોખી લે. એમાં કેટલા દાણા થાય છે તે ગણી લઇ પછી હિસાબ કરીને એટલા તોલા ચોખા લઇ લેવાના. એમ હોય તો અડધો તોલો વધારે નાખી દેવા, જેથી ગણવામાં ઓછા ન રહી જાય." ત્યારે તો મા કશું બોલી નહીં.

વિન્યો સાંજે ઘરે આવ્યો એટલે એને પૂછ્યું, "વિન્યા, તારા પિતાજીએ આવું કહ્યું. તો આ ગણવા પાછળ શું રહસ્ય છે એ તું મને કહે. વિન્યાએ કહ્યું, "તું લાખ દાણા ગણીને ભગવાનને ચઢાવે છે તે ગણિતનો હિસાબ નથી, એ તો ભક્તિ છે. સંતો અને ઈશ્વરના સ્મરણ માટે એ છે. એટલે એકેક દાણો ગણવો જોઇએ" એને એકદમ સંતોષ થઇ ગયો.

**માતા વિન્યાને વાસી પીરસે અને ગરીબ વિદ્યાર્થીને તાજુ પીરસે**

નરહર ભાવે ગરીબ વિદ્યાર્થીને પોતાને ઘરે રાખતા હતા. એક ગરીબ વિદ્યાર્થી એમને ત્યાં રહેતો હતો. ઘરમાં ક્યારેક વાસી ખાવાનું બચી જતું તો મા પોતે ખાઇ લેતી. અથવા વધારે હોય તો વિન્યાને પીરસી દેતી. પેલા વિદ્યાર્થીને તો એ રોજ ઊની–તાજી રોટલી જ પીરસતી. વિન્યો આ રોજ જોયા કરે. એક દિવસ એણે માને પૂછ્યું, "મા, તું તો અમને કહે છે કે સૌ માટે સમાન દૃષ્ટિ રાખવી જોઇએ, પરંતુ તારો ભેદભાવ હજુ ગયો નહીં. જો તું પેલા છોકરાને વાસી ખાવાનું પીરસતી નથી અને મને પીરસે છે. આટલો ફરક તો અમારી વચ્ચે કરે જ છે ને?"

આ સાંભળીને માએ કહ્યું, "તારી વાત સાચી છે. હજુ

મારામાં, તારામાં અને બીજામાં ભેદ થઇ જાય છે. તારા માટેની મારી આ આસક્તિ છે, મારા હૃદયમાં તારા માટે પક્ષપાત છે. આસક્તિને કારણે તું મને પુત્ર સ્વરૂપ દેખાય છે. જ્યારે પેલો છોકરો મને ભગવાન સ્વરૂપ દેખાય છે. જે દિવસે તું મને ભગવત સ્વરૂપ દેખાવા માંડશે, તે દિવસે આ ભેદભાવ ખતમ થશે."

### બધામાં ભગવત્ ભાવના રાખવી

નાનો વિન્યો ડંડાથી મકાનના થાંભલાને મારતો હતો. માતાએ આ જોઇને એને રોકી લીધો. એ બોલી, "અરે, એને શું કામ મારે છે? એ તો ભગવાનની મૂર્તિ છે. એને શા માટે પીડા પહોંચાડવી?" બધા ભૂતોમાં ભગવતભાવના રાખવી. આ વાત છેક નાનપણમાં માએ વિન્યાને શીખવાડી હતી.

### પિતા નરહરનું જીવન વૈજ્ઞાનિક ઢબે ચાલતું

પિતા નરહરનું કામ વૈજ્ઞાનિક ઢબે ચાલતું. એમનું ભોજન માપસરનું રહેતું. સાંજે વાડકી દૂધ, ત્રણ રોટલી અને દશ તોલા શાક. સવારે નાસ્તામાં અઢીસો ગ્રામ દૂધ. એમાં ક્યારેય ફેર ન થયો. સાંજ સવારનો આહાર એમણે પોતે નક્કી કરી લીધેલો.

બપોરનું ભોજન એમણે મા પર છોડી દીધું હતું. મા જે કાંઇ બનાવે તે જમી લેતા. પરંતુ કેટલું ખાવું એ એમના માટે નક્કી રહેતું.

(ક્રમશઃ)



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના

# ૧૨મા લીલા સંવરણદિનની ઉજવણી

તંત્રી

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના બારમા લીલા સંવરણદિનની ઉજવણી તા. ૧૮–૩–૯૬ ના રોજ પૂ. મા શ્રી સર્વેશ્વરીના જન્મસ્થળ કપૂરા ગામમાં કરવામાં આવી. આ કાર્યક્રમનું આયોજન શ્રી ઈશ્વરભાઇ ભક્ત તરફથી કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં પ. પૂ. ગુરુદેવ અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનાં સ્વરૂપોની પૂજા શાસ્ત્રોક્ત વિધિથી શ્રી વિજયભાઇ પુરોહિત પંડિતજીએ, કરાવી હતી. ભાગવત્ સમાહનું આયોજન એ રીતે ગોઠવવામાં આવ્યું હતું કે તેની પૂર્ણાહુતિ પૂ. શ્રીના લીલાસંવરણદિન પહેલાં જ થાય, જેથી સમાહમાં બહારગામથી આવેલ સાધક ભાઇબહેનો આ કાર્યક્રમમાંય ભાગ લઇ શકે.

કાર્યક્રમનો પ્રારંભ શ્રી વિજયભાઇની પ્રાર્થના અને ધૂનથી અને તે પછી શ્રી ઈશ્વરભાઇ ભક્તના સ્વાગત વક્તવ્યથી થયો હતો. તેઓએ જણાવ્યું હતું કે ગુજરાતના દૂર દૂરના ખૂણેથી તેમ જ મુંબઇથી સાધકો ખાસ કષ્ટ ઊઠાવીને પૂ. ગુરુદેવને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા આવ્યા છે. તે તેઓની ભાવના દર્શાવે છે.

પ્રથમ વક્તા તરીકે શ્રી નારાયણભાઇ જાનીએ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી સાથેનાં વિદ્યાભ્યાસ તેમ જ સાધનાકાળનાં સંસ્મરણો તાજાં કરતાં ઉમેર્યું હતું કે તેઓ ખરે જ એક સાચા માતૃભક્ત સંત હતા. મા જગદંબા ઉપરની તેઓની નિષ્ઠા ને શ્રદ્ધા

અનન્ય હતી. પાછળથી અનેક વિભૂતિઓથી સંપન્ન હોવા છતાં, જીવનમાં કદી પણ તેમનું પ્રદર્શન કર્યું નહિ. તેમ જ તેઓ એક મહામાનવ જ નહિ, પરંતુ એક અવતારી પુરુષ હતા. જાણે ભારતીય સંસ્કૃતિ અને તેના આધ્યાત્મિક વારસાને લોકભોગ્ય શૈલીમાં પુનર્જિવંત કરવાના ભગીરથ કાર્ય માટે તેઓનો જન્મ હતો. એ કાર્ય તેઓએ ખૂબ સુચારૂરૂપે બજાવ્યું એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

પૂ. મહાત્માજી ખૂબ પ્રેમાળ છતાં સંયમશીલ. કોઇનું જરા-સરખું દુઃખ જોઇ દ્રવી જાય. એવું એમનું કોમળ હૃદય.

આમ છતાં તેઓશ્રીની સાધનાનું સર્વશ્રેષ્ઠ ફળ જો કંઇ હોય તો તે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનું પ્રાકટ્ય છે. આજના માનવ-સમાજને તે સૌથી કિંમતી ભેટ સમાન છે.

શ્રી ગોરધનભાઇ કલોલાએ પૂ. શ્રી સાથેનાં પોતાના સંસ્મરણો રજૂ કરતાં કહ્યું કે નવાઇ લાગે તેવી વાત છે. એક વાર પૂ. શ્રી યોગેશ્વરજીએ મસૂરીમાં અમારી પાસેથી અમારો ધોયેલો બુશકોટ માગીને પહેરેલો. આ તો ભક્તને ઉપકૃત કરવા ભગવાને લીલા કરી એવી વાત છે.

વળી પૂ. શ્રીની માંદગી દરમ્યાન પૂ. મા તેઓની કેવી અદ્‌ભુત કાળજી રાખતાં તે વર્ણવતાં કહ્યું કે પૂ. શ્રીને સ્નાન કરવાની ઇચ્છા થઇ. પણ તેઓ પથારીમાંથી માણ બેઠા થઇ શકતા. તેઓને બાથરૂમ સુધી ચલાવીને લઇ જઇ શકાય તેમ ન હતું. તો પૂ. માએ ઓરડા વચ્ચે ખુરસી મૂકી પૂ. શ્રીને સરસરીતે નવડાવ્યા. પછી ઓરડાનું પાણી ઉલેચવાની જરૂર ઊભી થઇ. તો પૂ. મા હસતાં હસતાં કહે, "આ કલ્યાણને મોરબીના પૂરનાં પાણી



ઉલેચવાનો તાજો અનુભવ છે. પૂરના પાણીની સરખામણીમાં આટલા પાણીનો શો હિસાબ!"

પૂ. શ્રીની માંદગીમાં પૂ. માએ રાતદિવસ જોયા સિવાય તેઓની અદ્‌ભુત સેવા કરી. આદર્શ સેવા કેવી હોય તેનો ખ્યાલ એના ઉપરથી આવે. પૂ. માનું સમર્પણ પણ એવું વિરલ. પૂ. ગુરુના શ્રીચરણે એમણે જીવનનું સર્વસ્વ ધરી દીધું.

શ્રી આશાબેન ભક્તે કહ્યું કે પૂ. યોગેશ્વરજીમાં તેઓને શ્રી રામકૃષ્ણ દેવ જેવો ભાવ થતો. તેથી તેઓને શ્રી ઠાકુરરૂપે જોતાં. પૂ. શ્રી પણ તેમની સાથે ખૂબ વહાલપૂર્વકનું વિનોદી વર્તન કરતા. પૂ. મા શ્રી સર્વેશ્વરી એક સંસારી વ્યક્તિ નથી, પરંતુ એક દિવ્ય વિભૂતિ છે, તે વાત પૂ. મહાત્માજીએ પોતાના સ્વમુખે જણાવી હતી.

પૂ. મહાત્માજી એવા સરલ હતા કે તેમની પાસે જતાં કોઇ ભય કે સંકોચ ન થતાં. તેઓની ધીમી સુદૃઢ ચાલ, સફેદ ધોતી ને પીળી શાલ—એમના વ્યક્તિત્વનો ભાગ બની ગયાં હતાં.

શ્રી જનાર્દનભાઇ દવેએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે પ્રભુની જેમ એક સાચા સન્તના ગુણોનું વર્ણન કરવું અતિ મુશ્કેલ છે. ભગવાનના જે વિવિધ ૨૪ અવતારો થયા છે, તે દરેકના કોઇને કોઇ અંશનું દર્શન પૂ. શ્રીના વ્યક્તિત્વમાં થતું. એટલે એ સમગ્ર ચોવીસ અવતારોના સમુચ્ચય જેવા લાગતા. પ્રેમ, કરુણા, દયા, ક્ષમા, ધીરજ, ઉદારતા, અભય, તપ, તિતિક્ષા, પવિત્રતા, અપરિ-ગ્રહવૃત્તિ, માતૃસેવા અને વિશ્વમાનવ જેવી વિશાળતા તેઓમાં દેખાતી. તેઓએ પોતાના જીવનમાં વેદોને જીવંત કર્યા અને હાલકડોલક થતાં માનવમનોને ધર્મનો આધાર આપી સ્થિર કર્યાં.

તેઓ તો ભક્તોના કલ્પવૃક્ષ હતા. ભક્તોના મનોરથો આજે

પણ પૂર્ણ કરતા રહે છે તેઓ સતત ફરતા રહ્યા અને પૌરાણિક તીર્થોમાં ફરી તેમનો મહિમા વધારવાનું અને નવાં તીર્થોનું સર્જન કરવાનું મહાકાર્ય કર્યું. તેઓ એક એવા મહાપ્રભુ છે કે જે રજ જેવા જીવોને ગોદમાં લઇ પ્રભુ સુધી પહોંચાડી દેવાનું કામ કરે છે. એવા મહાપુરુષની પ્રશસ્તિ કેટલી કરી શકાય?

પ્રો. કોન્ટ્રેક્ટરે પૂ. મહાત્માજીને એક સમર્થ સંત સાહિત્યકાર તરીકે અંજલિ આપતાં કહ્યું હતું કે ગુજરાતી સાહિત્યનાં દરેક સ્વરૂપોમાં તેઓએ ખેડાણ કરેલું. તેઓનું આ પ્રદાન જેવું તેવું નથી. 'ગાંધીગૌરવ' જેવું મહાકાવ્ય અને તુલસીકૃત રામાયણનો 'કાવ્યાનુવાદ', પ્રકાશના પંથે આત્મકથા અને હિમાલયના પત્રો જેવું પત્રસાહિત્ય, આ ઉપરાંત, ઉપનિષદો, બ્રહ્મસૂત્ર, પાતંજલ યોગદર્શન, ભાગવત ગીતા ઉપરના ગ્રંથો અને મહાભારતનાં મોતી જેવી ગદ્યરચના તેમની સમર્થતાના પૂરાવા સમી છે વળી તેઓની ગેય પદ્યરચનાઓ પણ મૌલિક અને જાત અનુભૂતિના આધાર ઉપર રરચાયેલ છે. આમ એક સાહિત્યકાર તરીકેનું તેમનું પ્રદાન પણ અનોખી ભાત પાડે તેવું છે.

શ્રી નટુભાઇ વલ્લભભાઇ ભક્તે પણ પૂ. શ્રી યોગેશ્વરજીને પોતાની ભાવાંજલિ અર્પી, પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપા પોતે કેવી અનુભવી રહ્યા છે. તે જણાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સમાપન કરતાં શ્રી ઈશ્વરભાઈએ કહ્યું હતું કે વર્ષો પહેલાં મારું જીવન પૂરું થઇ જાત, પરંતુ એ સમર્થ ગુરુ-ની સહાયથી જ તે બચ્યું છે તો તેમના કામમાં જેટલું વધારે વપરાય તેટલું સારું. પૂ. મા શ્રી સર્વેશ્વરી ભલે ભૌતિક રીતે અત્યારે આપણી વચ્ચે અહીં નથી, પરંતુ તેઓના આશીષ અને



તેઓની સૂક્ષ્મ ઉપસ્થિતિ આપણી વચ્ચે છે, એથી તો આવું મોટું કામ કશાય વિઘ્ન વગર સંપન્ન થઇ શક્યું.

તેઓએ સહુ સાધકો અને ગ્રામજનોનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હરિભાઇ ભોજાણીએ કર્યું હતું.

[નોંધ : ધન્વન્તરિ જ્ઞાનયજ્ઞની વિગતો આવતા અંકમાં યથાવકાશ મૂકીશું —તંત્રી]

વિચાર અને વર્તનમાં માણસે સાફ થવું જોઇએ. પવિત્ર રહેવું ને પ્રામાણિક બનવું જોઇએ. આત્મિક વિકાસમાં આ વાત ખૂબ મહત્ત્વની છે. તે અભણ કે સાધારણ માણસોએ જ નહિ, પણ વિદ્વાનોએ પણ તેનું મનન ને પાલન કરવાનું છે. યોગેશ્વરજી

ઈલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ, ઓઇલ એન્જીન મશીન
તથા ખેતીવાડીને લગતા ઓજારો તથા તેના
સ્પેરપાર્ટસના છૂટક તથા જથ્થાબંધ વેપારી
સૌજન્ય : પૂજા એક્સપોર્ટસ
* જયંતીલાલ મોહનલાલ દઢાણીયા *
ખેતીવાડી એન્ડ ડીઝલ સ્પેર્સ,
એસ. ટી. સ્ટેન્ડ પાસે, ચીખલી.
જિલ્લો : વલસાડ, પીનકોડ : ૩૯૬૫૨૧ (ગુજરાત)
ફોન નં. : ૨૩૫૯, ૨૪૫૯, ૨૫૫૯
ફેક્સ : (૦૯૧) ૦૨૬૩૫૩–૨૪૫૯/૨૦૬૭

# સંદેશો-મૌનનો

સુરેશભાઇ શાહ-ટોરોન્ટો

મૌન આત્માનું ઐક્ય સાધવા માટેનું અમોઘ શસ્ત્ર છે.

પૂ. માનું મૌન એક વ્રત બની ગયું છે. જાણે કે પ્રભુને વરવા માટેનું તપ બની ગયું છે. મૌન પૂજ્ય માના વ્યવહારની પરિભાષા બની ગઇ છે. આત્માના ઐક્ય માટેની જાણે કે અતૂટ કડી થઇ ગઇ છે. મૌનના સામ્રાજ્યમાં પૂ. મા મુક્તિથી મહાલે છે. અને મૌનદ્વારા તપસ્વિનીની જેમ તપશ્ચર્યા કરે છે.

મૌન આજે, મૌન ગઇ કાલે અને મૌન આવતીકાલે. મૌન સવારે, બપોરે, સાંજે અને રાત્રે જાણે કે મૌનના અભેદ્ય આવરણથી સંસારી વાતો, ભક્તોની પ્રશંસા અને અભિવાદનોથી પૂ. મા રક્ષાએલાં જણાય છે. મૌન હવે પૂ. માના હૃદયના ભાવો પ્રદર્શિત કરવા પૂરતા જણાય છે.

પૂ. માનું મૌન મનની ઉપરામતાની સર્વોચ્ચ ભૂમિકાનું સૂચક છે. પૂ. માને બોલવું નિરર્થક લાગે છે. પૂ. માને પ્રવચનો કે સત્સંગ પ્રત્યે અણગમો થયો છે, મુલાકાતો અને ટેલીફોન ઉપર વાત કરવાનું ટાળવાનું મન થાય છે. અને ફોટોગ્રાફ, વીડીઓ કે જાહેર કાર્યક્રમો ગમતા નથી. લગભગ સાડા અગીયાર વર્ષમાં ભક્તસમુદાયને ઘણું બધું આપ્યું હવેનાં બાર વર્ષ પ્રભુ પ્રત્યેના પ્રાદુર્ભાવ માટે અકબંધ રાખવા નિશ્ચયી બન્યાં છે.

'દર્શન' આપવા માટે પણ મન ના પાડે છે. દર્શન કરવાં હોય



તો શ્રીપ્રભુના કરો કે જેમણે સર્વેશ્વરીને નવજીવન આપ્યું છે. તે મહાપુરુષને પ્રણામ કરો, વંદન કરો, તેમનાં જ દર્શન કરો તે તમારા સૌના જીવન સમૃદ્ધ કરવા સર્વશક્તિમાન છે.

મૌનદ્વારા પોતાના ભાવોને પ્રવાહિત કરતાં પૂ. મા જાણે કે આપણને જણાવે છે કે પુષ્પ પરિમલ આપે છે, દીપક જ્યોતિદ્વારા પ્રકાશ આપે છે, વાદળ વર્ષા લાવે છે અને ધૂપસળી સુગંધ આપે છે તે ક્યાં બોલે છે? પોતાના કાર્યોથી જ સૌની જરૂરિયાત પૂરી પાડે છે અને છતાં મૌન ધારણ કરે છે. વનરાજીનાં વૃક્ષો છાયા આપે છે. ફળ આપે છે છતાં મૌન સેવે છે.

આજે આપણે સંકલ્પ કરીએ કે મૌનના સામ્રાજ્યમાં રાચતાં પૂ. માને આપણે સંસારની વાતો, લૌકિક વાતો અને બીજા કોઇ પણ મનના આગ્રહોથી વ્યથા નહીં પહોંચાડીએ, કેવળ તેમની સ્વેચ્છાથી જ્યારે પૂ. મા મૌનમાં પણ દર્શન આપે ત્યારે આપણી જાતને કૃતકૃત્ય માની સંતોષ અનુભવીએ. સંતોનું જીવન સમજવા પ્રયત્ન કરીએ અને તેમની કૃપાદૃષ્ટિથી ધન્યતા અનુભવીએ.

શત શત વંદન માડી તમોને સદાયે કરાજો ઉરથી અમારા.

પૂ. માને વિનંતિ કે અમારા આપના માટેના મનના ભાવો, અંતરની લાગણીઓ અને દિલની વ્યથાને પણ આપ મૌન દરમ્યાન અવલોકજો, નિહાળજો અને અમને પણ આપના કૃપાપાત્ર થવા આશીર્વાદ આપજો. હરિઃ ૐ

## સરસ્વતી શિશુ મંદિરને

# નવા મકાનની સોંપણી

મહાત્મા યોગેશ્વર ચેરિટેબલ ટ્રસ્ટ, મસૂરીદ્વારા સરસ્વતી વિદ્યામંદિરના નવા બાંધવામાં આવેલ મકાનને તા. ૧૮–૩–૯૬ ના રોજ શ્રી ગાંધીનિવાસ સોસાયટી મસૂરીને સોંપવાની વિધિ ટ્રસ્ટના મુખ્ય પ્રબંધક શ્રી રતનલાલજીના હાથે કરવામાં આવી. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના બારમા નિર્માણદિને આ ખાસ કાર્યક્રમ શ્રી ગાંધી નિવાસ સોસાયટી, મસૂરી તરફથી પ્રયોજવામાં આવેલ. કાર્યક્રમમાં સાંસ્કૃતિક કાર્યક્રમ શાળાના પ્રધાન આચાર્ય શ્રી દિનેશ સેમવાલની દોરવણી નીચે કરવામાં આવેલ.

મહાત્મા યોગેશ્વર સરસ્વતી શિશુમંદિરની પ્રગતિ અંગેની વિગતો અને અહેવાલ પ્રમુખ શ્રી ગોવિંદ હરિ સિધાનિયા તેમ જ વ્યવસ્થાપક શ્રી મનમોહન કર્ણવાલ અને મંત્રી ડો. હરિમોહન ગોયલ તરફથી રજૂ કરવામાં આવેલ.

શ્રી રતનલાલજીએ પોતાના વક્તવ્યમાં પૂ. યોગેશ્વરજીને એક મહાન સંત તરીકે બીરદાવી, તેઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦
એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯



## એક જીવંત આધ્યાત્મિક સ્ત્રી સંત

# શ્રી ઇંદિરાદેવી–(૨)

સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

(ગતાંકથી આગળ)

ફકીરે ઇંદિરાને મોતના મોંમાંથી બચાવી !

ઇંદિરાને પશુપંખીઓ પર, એમાંયે કૂતરા પર વિશેષ પ્રેમ હતો. પરંતુ એના આ પ્રેમે એને મુસીબતમાં ઉતારી દીધી. એક વાર પડોશીના કૂતરાને રમાડવા જતાં એ કૂતરો એને કરડયો. બે દિવસ પછી એ કૂતરો મરી ગયાની ખબર પણ પડી, પરંતુ હડકવાનાં ઇંજેક્શનોથી ઇંદિરા એટલી બધી બીતી હતી કે કૂતરો કરડી ગયાની વાત એણે કોઇને કરી જ નહિ.

મહિના પછી એકાએક એનું આખું શરીર ખેંચાવા લાગ્યું, અને શું થાય છે તેની એને સમજ પડે તે પહેલાં તો હડકવાનાં ભયાનક ચિહ્નો વરતાયાં અને એ બેભાન થઇ ગઇ. તરત જ દાક્તરોને બોલાવવામાં આવ્યા, પણ કંઇ જ કારી લાગી નહિ. પીડા કાંઇક સહ્ય બને એટલા માટે દાક્તરોએ અફીણના ઇંજેક્શન આપ્યાં, ને હાથ ધોઇ નાંખ્યા !

કોઇ મરવાની અણી પર હોય ત્યારે ગરીબોને દાન આપવાનો પંજાબમાં રિવાજ છે. તે રિવાજ પ્રમાણે ઇંદિરાનો મોટોભાઇ જોગિંદર રડતો રડતો ગરીબોનાં ઘરોમાં દાનદક્ષિણા વહેંચવા ગયો.

એને રડતો જોઇ એક મુસલમાન ફકીરે એની પાસે જઇ એને રડવાનું કારણ પૂછ્યું.

જોગિંદરે રોતાં રોતાં કહ્યું, 'મારી બહેન મરી ગઇ બાબા!' ફકીરે સામો પ્રશ્ન કર્યો, 'મરી ગઇ કે મરવાની અણી પર છે?' જોગિંદરે નિઃસાસો નાખી કહ્યું, 'હું ઘેરથી નીકળ્યો ત્યારે હૈડિયો બોલતો હતો, ને છેલ્લાં ડચકાં આવતાં હતાં હવે તો એ મરી ગઇ હશે.'

તરત જ ફકીરે કહ્યું, 'બેટા, મને તારા ઘેર લઇ જા! એનું મારા માથા પર ઋણ છે, અને મેં એને વચન આપ્યું છે કે તારી ખરી જરૂરની પળે હું તારી પાસે આવીશ.'

જોગિંદર મનમાં વિમાસતો ફકીરને ઘેર લઇ આવ્યો. રસ્તામાં એણે એમને વાત કરી, 'બધેથી સારામાં સારા દાક્તરને બોલાવ્યા છે, પણ બધાએ હાથ ધોઇ નાંખ્યા છે, તો હવે તમે શું કરી શકશો બાબા?'

આ લોકો જ્યારે આવ્યા ત્યારે દાક્તરો નિરૂપાય બની અંતિમ ખબરની રાહ જોતા બેઠક ખંડમાં બેઠા હતા, તેથી ફકીર બાબાને કોઇએ જોયા નહિ. ફકીર બાબા સીધા જ ઇંદિરાના કમરામાં ગયા. તેમણે કમરામાંથી સૌને બહાર જવાનું કહ્યું, પણ કેટલાય માણસો બંધ બારણાની ફાટમાંથી ફકીર શું કરે છે તે જોઇ રહ્યા હતા. ફકીરે પોતાના મોંમાંથી કંઇક કાઢીને ઇંદિરાના મોંમાં મૂક્યું. પછી થોડું રૂ પાણીમાં બોળી તે વડે જીભને પલાળી. કેટલીક વાર એ પ્રમાણે કર્યા પછી એક ચમચો પાણી લઇ ધીરે ધીરે ઇંદિરાને પાવા માંડયું. પાણી ગળે ઊતરી ગયું. હકીકત એમ છે કે હડકવાનો દરદી પાણી પી જ શકતો નથી, તેથી તો લોહી જામી જતું અટકાવવા ઇંદિરાને ગ્લુકોઝ આપતા હતા.

ફકીરે ઇંદિરાને મૃત્યુનાં મોંમાંથી બચાવી લીધી હતી. આખા ઘરમાં આ ખબરથી ચંચળતા વ્યાપી ગઇ. દાક્તરો પણ નવાઇ



પામી ગયા. તેઓ એ ફકિરને મળવા દોડયા પણ એ તો ક્યારનાયે ઘર છોડી ચાલ્યા ગયા હતા. ક્યાં ગયા તેની કોઇને ખબર નહોતી. તે પછી કદી એ દેખાયા નથી.

### ઇંદિરાને ધ્યાનમાં ફકીરનાં દર્શન

વર્ષો પછી પોંડિચેરીમાં એક દિવસ ઇંદિરા ધ્યાનમાં બેઠી હતી, ત્યાં એણે એક પહાડી નદીના કિનારે એક ગુફા જોઇ. ગુફામાં દીવો કે મીણબત્તી ન હોવા છતાં તેમાં અજવાળું હતું! એ ગુફામાં પેલા ફકીર બાબા, લાકડાના ટેકણ પર એક હાથ ટેકવીને બેઠા હતા. એમની આંખો વીજળીની પેઠે ચમકતી હતી, અને ઇંદિરાને આરપાર જોઇ રહી હતી. એમણે એક કરુણાળું સ્મિત કર્યું, અને પછી અદૃશ્ય થઇ ગયા.

આ પર્વતીય પ્રદેશથી ઇંદિરા માહિતગાર હતી. નૈનિતાલનો એ પ્રદેશ હતો. એ પ્રદેશના ગવર્નર ઇંદિરાના ગુરુના મિત્ર હતા, તેથી ગુરુએ તેમને પત્ર લખી ફકીરની તપાસ કરવા વિનંતી કરી. પખવાડિયા પછી જવાબ આવ્યો કે પહાડી નદી કોસીના કિનારે એક ઝૂંપડીમાં એક મુસલમાન ફકીરજી રહેતા હતા. તેઓ માત્ર રાતે જ બહાર આવતા, તે વખતે આસપાસના ભરવાડો તેમને દૂધ અને રોટલો આપતા. લોકોમાં એ ફકીર વિષે ઘણી ચમત્કારી વાતો ચાલે છે, તેમાંની એક એ છે કે દર વર્ષે ચોમાસામાં કોસી નદી ભયંકર રૂપ પકડે છે, એનાં પાણી ચારે બાજુ ફરી વળે છે. લોકો ગામડાં ખાલી કરી ભાગી જાય છે તેવે વખતે પણ આ ફકીરની છાપરી અખંડ રહે છે, અને કદી પણ એ છાપરી છોડી એ બીજે ક્યાંય ગયા નથી! એમનું નામ રજ્જબ સાંઇ છે.

તે પછી પણ કેટલીક વાર ઇંદિરાએ ધ્યાનમાં ફકીર બાબાનાં દર્શન કર્યાં છે, અને દરેક વખતે બાબાના મોં પર એ જ મધુર

સ્મિત દેખાયું છે, અને તેઓ એવા જ ટટ્ટાર આસનમાં બેઠેલા દેખાયા છે!

### સુપ્ત શક્તિનો સળવળાટ

ફકીર બાબા મૃત્યુના જડબામાંથી એને બચાવવા આવ્યા ત્યારે ઇંદિરા પંદર વર્ષની હતી.

તે અતિશય લાગણીપ્રધાન અને ગર્વિષ્ઠ પણ હતી. ઘણી વખત લોકો તેને સમજવામાં ભૂલ કરતા. તેથી તે દુઃખી થતી. એ તો જ્યારે એને એના ગુરુ મળ્યા, ત્યારે એ સમજી કે દુઃખ માત્રનું મૂળ અજ્ઞાન અને આસક્તિ છે. પછી તેને ખબર પડી કે હું જ મને પોતાને ઓળખતી નથી, સમજતી નથી, તો બીજા મને ન ઓળખે, ન સમજે તેમાં નવાઇ જેવું શું છે?

સંસાર પ્રત્યે ઇંદિરાનું મન ખૂબ જ ઉદાસીન હતું. મિત્રો પ્રત્યે એને ખૂબ જ ભાવ હતો, પણ કોઇ એને હાથ અડકાડે તેય એને ગમતું નહોતું. રિવાજ મુજબ એનાં લગ્ન તો થઇ ગયાં, પણ લગ્ન થયા પછી, અને પતિ ઉપર પ્રેમભરી સુકોમળ લાગણી હોવા છતાં, એની સાથે પત્ની તરીકે રહેવાનું એને અસહ્ય લાગતું. એના પતિ ઉપરાંત બીજા એક મિત્ર પ્રત્યે એને ખૂબ ભાવ હતો. એ એક જ માણસ એવો હતો જે ઇંદરાના મનની મૂંઝવણ સમજતો અને પોતાની શરતે નહિ, પણ ઇંદિરાની શરતે એની મૈત્રી સાચવી રહ્યો હતો.

સંસાર પ્રત્યેના આ અણગમાને લીધે ઘણો વિસંવાદ પેદા થતો, એને લીધે ઇંદિરાને ઘણો હૈયાબળાપો થતો. ઘરનાંને નવાઇ લાગતી કે પુરુષો સાથે એ હસે રમે છે, ટોળટપ્પાં અને ઠઠ્ઠામશ્કરીઓ કરે છે અને પછી વચમાં એકદમ લક્ષ્મણરેખા દોરી



દઇ કહે છે, 'બસ, આથી આગળ નહિ! મગજમાં ન ઊતરે એવી આ વાત છે!'

ઇંદિરા પોતાને બીજાઓ કરતાં ચડિયાતી કે બીજાઓ કરતાં ઉતરતી નહોતી માનતી, પણ એને એટલું અવશ્ય લાગતું હતું કે હું બીજાઓ જેવી નથી, જુદી છું!

### ઇંદિરામાં બીજાના વિચારો વાંચવાની શક્તિ આવે છે!

લગ્ન પછી સાત વરસે, અને તેના પુત્ર અનિલના જન્મ પછી પાંચ વરસે, સને ૧૯૪૫ માં એવા બનાવો બનવા લાગ્યા કે એણે ઇંદિરાનો આખો જીવનરાહ બદલી નાંખ્યો. એમાંનો એક જેને એ ઓછામાં ઓછી અગત્યનો ગણે છે તે એ છે કે તે હવે બીજાના મનના વિચારો વાંચી શકતી! પહેલાં તો એણે આને કેવળ યોગાયોગ ગણી કાઢચો, પછી કલ્પના ગણી કાઢી, પરંતુ પછી ઉપરાઉપરી બધું સાચું પડતું લાગ્યું ત્યારે તેનાથી કબૂલ કર્યા વિના રહેવાયું નહિ કે મારામાં કોઇક નવી શક્તિ આવી છે જેને લીધે હું બીજાના મનના વિચારો જાણી શકું છું. તેને આ શરમાવા જેવું લાગ્યું. જ્યારે પણ કોઇના વિચારો તેની આગળ કિતાબની પેઠે ઊઘાડા થઇ જતા ત્યારે જાણે કોઇના બાથરૂમમાં ડોકિયું થઇ જતું હોય એવું એને લાગતું. આથી એ બહુ અસ્વસ્થ બની જતી. આ રહસ્ય એણે જોર કરીને પોતાના મનમાં ને મનમાં ભંડારી રાખ્યું, માત્ર એક જ જણને એણે એની વાત કરી હતી, અને તે તેની ગાઢ સખી લાડલીને.

આ વખતે ઇંદિરા પોતાના પતિની સાથે મુંબઇમાં, તાજમહાલ હોટલના ઉપલા માળે સુંદર સ્યૂટ(ઓરડાઓ)માં રહેતી હતી. સામે જ દરિયો હતો. ડિસેમ્બર માસની શરૂઆતના દિવસો હતા. એ

દિવસે તેમને લાડલી અને તેના પતિ અખતરની સાથે બહાર ડીનરપાર્ટીમાં જવાનું હતું. પુત્ર અનિલને તો દેહરાદુનની વિલ્હેમ બોર્ડિંગ સ્કૂલમાં ભણવા મૂકેલો હતો.

**આયનામાં પ્રતિબિંબને બદલે હાડપિંજર દેખાયું!**

રાતના સાડા આઠ વાગ્યા હતા. ઇંદિરા હમણાં જ કપડાં પહેરીને તૈયાર થઇ હતી. તેને સુંદર કપડાં અને દાગીનાનો ભારે શોખ હતો. દર વર્ષે તે નવી સાડીઓ અને ઝવેરાત ખરીદવા ખાસ મુંબઇ આવતી હતી.

સાડી બરાબર પહેરાઇ છે કે નહિ એ જોવા ઇંદિરાએ સામેના પૂરા કદના આયનામાં જોયું અને એણે જે જોયું તે જોઇને એ હબકી જ ગઇ! ભયથી તે ચીસ પાડી ઊઠી! આયનામાં એના પ્રતિબિંબની જગાએ એને હાડપિંજરની આંખોના ગોખલા દેખાતા હતા!

બીજા કમરામાંથી એનો પતિ દોડતો આવ્યો. તેને ઇંદિરાએ બધી વાત કરી. એ સાંભળીને એણે તો હસવા માંડયું. પછી કહે, 'છોકરી! તું ખૂબ વાંચ વાંચ કરે છે ને, એટલે તને આયનામાં હાડપિંજર દેખાય છે! સામેની દીવાલ પર ટાંગેલું કો ચિત્ર તને આયનામાં દેખાયું હશે કે પછી દરિયાની હવામાં પડદા હાલ્યા હશે અને તેને લીધે તને આયનામાં આવું દેખાયું હશે!'

આ સાંભળી ઇંદિરાએ સામેની દીવાલ તરફ જોયું, તો ત્યાં ચિત્ર નામે નહોતું! ત્યારે એને થયું કે આ બધું મારા મનની કલ્પનાનું ભૂત છે અથવા તો આયનામાં કશાકનો અવળચંડો પડછાયો પડવાથી મને આવું દેખાયું હશે!

એનો પતિ બીજા કમરામાં પાછો ચાલ્યો ગયો, તે પછી કમરો



છોડીને જતાં જતાં ઇંદિરાએ આયના તરફ છેલ્લી નજર નાંખી તો ફરી પેલું હાડપિંજર દેખાયું!

ઇંદિરા દોડીને કમરામાંથી બહાર નીકળી ગઇ. આ વખતે તેના પતિને તેણે કંઇ જ વાત કરી નહિ. પણ જ્યારે એણે લાડલીને આ વાત કરી ત્યારે એને બીજો આઘાત મળ્યો. લાડલી ઇંદિરા કરતાં વધારે પીઢ અને વધારે ડાહી હતી. તે ઘડીભર ઇંદિરાની સામે જોઇ રહી પછી કહે, 'તને શું એટલીયે ખબર નથી પડતી કે આ કલ્પના તો નથી જ? હું કહું છું, તું સાઇકિક છે! તારામાં અતીન્દ્રિય શક્તિ છે! તું બીજાના મનના વિચારો વાંચી શકે છે એનું પણ એ જ કારણ છે!'

'હું સાઇકિક?' ઇંદિરાએ કહ્યું, 'અરે લાડલી, તો શું હવે મને ભૂતડાં દેખાવા માંડશે? આવું આવું કહીને મને બિવડાવ નહિ!'

લાડલી કહે, 'તારામાં કેવી કેવી વિસંગતિઓ છે, ઇંદિરા! તું વિચારો વાંચે છે, તને બનનારા બનાવોનાં સ્વપ્નાં આવે છે, તને ગેબી અવાજો સંભળાય છે. યાદ કર, કવેટાનો ધરતીકંપ.' તને અદૃશ્ય આંદોલનોની ખબર પડે છે! એક બાજુ તારામાં આવું બધું છે, ને બીજી બાજુ સાવ ઊલટું તને ટોળટપ્પાં ગમે છે, કપડાં અને દાગીનાનો શોખ છે, મિજલસ જમાવતાંયે તને આવડે છે! મને તો લાગે છે કે તું મધર ટેરેસા થવાની છે!

(ક્રમશઃ)

## બલિહારી વિભુની

( ગીત )

બલિહારી વિભુ આપની.
સુંદરતાના ધામની.
સૌરંભવંતા ફૂલડાં જોયાં,
ઊંચા ઊંચા પહાડો જોયાં,
ઊંચા સુંદર તરુઓ જોયાં,
વાદળ નમણાં કેવા જોયાં.
બલિહારી વિભુ આપની.
સુંદરતાના ધામની.
નભનો સુંદર ધુમ્મટ જોયો,
સાગર ભવ્ય મજાનો જોયો,
કુદરત–બાગ–બગીચો જોયો,
વિભુનો સુંદર ચ્હેરો જોયો.
બલિહારી વિભુ આપની.
સુંદરતાના ધામની.
ખીણ ગહન શી સુંદર જોઇ,
વિભુ–દૂઆ શી નદીઓ જોઇ,
હરિયાળી વિભુ–હરખ શી જોઇ,
સુંદર વિભુની કરણી જોઇ.
બલિહારી વિભુ આપની.
સુંદરતાના ધામની.

ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)



## રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

### હનુમાનની આપવીતી

હનુમાનનાં વચનો વિયોગની વ્યથામાં ડૂબેલી સીતાને માટે ભારે આશ્વાસનરૂપ થઇ પડયાં.

એને એથી શાંતિ વળી.

એ આખી યે ઘટનામાં એને પરમાત્માની પરમ કૃપાની ઝાંખી થવા લાગી. છતાં પણ પોતાના ભૂતકાળના ભાતભાતના અનુભવો-નું સ્મરણ કરીને એ થોડીક સાવધાન બની ગઇ.

હનુમાનમાં વિશ્વાસ મૂકતાં પહેલાં એને એમના વિશે વિશેષ હકીકત જાણવાની સ્વાભાવિક રીતે જ ઇચ્છા થઇ.

એ ઇચ્છાથી પ્રેરાઇને એણે પૂછ્યું : ‘તમે વારંવાર જેમનો ઉલ્લેખ કરો છો તે સુગ્રીવ કોણ છે? એ ક્યાં રહે છે? એમને રામનો મેળાપ કેવી રીતે ને ક્યાં થયો? તથા તમે પણ રામના સુખદ સમાગમનું સૌભાગ્ય કેવી રીતે ને ક્યાં પામી શક્યા? એ જાણવાની મને ઇચ્છા થાય છે. મારી જિજ્ઞાસાને સંતોષવાની માગણી કરું છું જેથી મને બધી યે પરિસ્થિતિની માહિતી મળે. સુગ્રીવની, તમારી તથા રામની મૈત્રી કયા સંજોગોમાં થઇ? રામ તો ગોદાવરીના પ્રશાંત અને પવિત્ર તટ પર પંચવટીમાં રહેતા હતા.’

હનુમાને અત્યંત વિનયપૂર્વક શાંતિથી કહ્યું : ‘રામ અને લક્ષ્મણ તમારી સાથે પંચવટીમાં રહેતા હતા ત્યારે મારિચને

સુવર્ણમૃગ બનાવીને એની મદદથી રાવણે ત્યાંથી તમારું હરણ કરેલું એ હકીકત અમે રામના શ્રીમુખથી જ સાંભળી છે. તમારા હરણ પછી વિરહવ્યથાથી વ્યથિત રામ લક્ષ્મણ સાથે પંચવટીમાંથી આગળ વધ્યા. રસ્તામાં એમને જટાયુનો મેળાપ થયો. એણે મરતાં પહેલાં તમારું હરણ રાવણે કર્યું છે એવા સમાચાર આપ્યા. એની સાથે થયેલા પોતાના ભયંકર યુદ્ધની માહિતી આપી. એ પછી રામ અને લક્ષ્મણ ફરતા ફરતા પંપા સરોવર થઈને તપસ્વિની શ્રેષ્ઠ શબરી-ને મળીને એની જ ભલામણથી ઋષ્યમૂક પર્વત પર રહેતા સુગ્રીવ-ની પાસે આવ્યા. ત્યારથી એમની અને સુગ્રીવની મિત્રતા થઈ.'

એમ કહીને હનુમાને સુગ્રીવનો સમસ્ત પ્રસંગ વિસ્તારપૂર્વક કહી બતાવ્યો.

એ સાંભળીને સીતાએ કહ્યું : 'રામ તથા સુગ્રીવનો સમાગમ તથા સ્નેહ સહેતુક થયો છે એમાં શંકા નહિ. એ સ્નેહ તથા સંબંધને લીધે જ તમે મારા સંબંધી માહિતી મેળવીને આટલે દૂર આવી શક્યા તેની મને ખાતરી થઈ છે. તમને મળીને તથા તમારી પાસેથી રામલક્ષ્મણની માહિતી મેળવીને મને થોડી ઘણી શાંતિ થઈ છે. મારા નિરાશામાં ડૂબી ગયેલા મનમાં થોડીક હિંમત પેદા થઈ છે. રામની અવસ્થા કેવી છે અને એ એમનો વખત કેવી રીતે વિતાવી રહ્યા છે? એ સુખી તો છે ને? અને લક્ષ્મણ? એ પણ આનંદમાં રહે છે ને? બંને ભાઈઓને માથે કોઈ ભારેખમ દુઃખ તો નથી પડયું?'

'તમારા વિયોગના દુઃખ કરતાં ભારેખમ દુઃખ બીજું કયું હોઈ શકે? એ વિયોગ જો સામાન્ય પ્રકારનો હોત તો રામ અને લક્ષ્મણ એને જીરવી શકત, પરંતુ રાવણે કરેલા હરણના પરિ-ણામરૂપે પેદા થયેલો વિયોગ એમને અત્યંત વ્યથિત કરી રહ્યો છે.



એ દશામાં એ સુખ, શાંતિ ને આનંદમાં કેવી રીતે રહી શકે? રોજ રોજ એ તમારી જ ચિંતા કર્યા કરે છે. એમાં યે રામની અવસ્થા તો અતિશય કરુણ બની ગઈ છે. એમનું સઘળું સુખ તમારા જવાની સાથે જ જતું રહ્યું છે. પળે પળે એ તમને યાદ કરે છે તથા તમારા વિશે વાતો કરે છે. તમારા સ્મરણના આધારે જ એ શ્વાસ લે, વારંવાર સીતા, સીતા એવું બોલ્યા કરે છે, અને વિતેલી વાતોને યાદ કરીને બેચેન બને છે. વાત કરતી વખતે એમનું હૈયું ભરાઈ જાય છે અને એમનાં નેત્રો ટપકવા માંડે છે.'

'એટલું સાંભળતાં તો સીતાનાં નેત્રો ટપકવા માંડયાં.

એણે ગદ્ગદ્ સ્વરે કહ્યું : 'રામની અવસ્થા એવી જ કરુણ હશે એ સમજી શકું છું. એમનો મારા પરનો પ્રેમ ઘણો જ પ્રબળ છે, એટલે મારો વિરહ એમને કોરી ખાતો હશે. એ પોતાના વિરહ-ની વેદનાયુક્ત વખતને જેમ તેમ કરીને પસાર કરી રહ્યા હશે.'

'એમને માટે વખતને પસાર કરવાનું કામ કપરું છે, પરંતુ એટલું સારું છે કે, વખત એની મેળે જ પસાર થઈ રહ્યો છે. છતાં પણ તમને શોધવાના પ્રયત્નોમાં એ લાગી ગયો છે, એમણે કહેવડાવ્યું છે કે, તમે આટલા દિવસ જેમ તેમ પસાર કર્યા છે તો થોડા વધારે દિવસ પસાર કરજો. તમે જ્યાં હશો ત્યાંથી તમને મુક્ત કરવા માટે હું જરૂર આવી પહોંચીશ. પૃથ્વીના ગમે તે પ્રદેશમાં પવિત્ર પ્રેમથી પ્રેરાઈને આવતાં મને કોઈ નહિ અટકાવી શકે. રામનો એ સંદેશ છે. એમના મનની ગતિને તો તમે જાણો છો. એમના દિલની દશાને બીજા કોઈના ય કરતાં તમે વધારે સારી રીતે સમજી શકો છો. એમના સ્વભાવનું તમારું જ્ઞાન યથાર્થ છે. એટલે એ સમજતાં વાર નહિ લાગે કે રામ તમારા વિના લાંબો વખત રહી શકશે જ નહિ.'

'છતાં પણ જે વખત જાય છે તે મારે માટે ખૂબ જ કરુણ તથા કસોટી કરનારો સાબિત થાય છે.'

'તમે એ કસોટીમાંથી પાર ઊતર્યાં છો ને હજુ પણ પાર ઊતરશો એવી મને શ્રદ્ધા છે. રામ પ્રત્યેનો પવિત્ર પ્રેમ અને એમની નિષ્ઠા જ તમને એમાંથી પાર ઉતારશે, અને એક ધન્ય દિવસે એમનો મેળાપ કરાવી દેશે.'

'એવો ધન્ય દિવસ મારા જીવનમાં ક્યારે ઊગશે, જ્યારે હું રામના રસમય રૂપને નિહાળીને મારાં લોચનને કૃતાર્થ કરીશ? એવો દિવસ ઊગશે કે પછી નહિ જ ઊગે?' સીતાએ શોકસ્વરે ચિંતાતુર બનીને પૂછી નાંખ્યું. (ક્રમશઃ)

**જીવનમુક્તિ**

માણસ જો જાગ્રત થાય તો તેને પ્રભુની વિભૂતિનું દર્શન પોતાની આજુબાજુ સહેલાઈથી થઈ શકે. પ્રભુનું વિભૂતિ દર્શન કરવા તેને દૂર જવાની જરૂર નથી.

– યોગેશ્વરજી

* પરફેક્ટ એન્ટરપ્રાઈઝ *
મરચન્ટ, એક્સપોર્ટ્સ, ઈમ્પોર્ટર્સ
એન્ડ જનરલ A to Z સપ્લાયર્સ
૪૨, જયશ્રી ખોડિયાર કો–ઓપરેટીવ શોપિંગ સેન્ટર
રજપૂતપરા મેઈન રોડ, રાજકોટ.
ફોન નં. ઓ. : ૨૫૪૭૮ ઘર : ૫૫૫૧૪

## * શાન્તિ કે સિદ્ધિ કાંઈ એક બે દિવસમાં ન મળે *

શાંતિ ને સિદ્ધિ કાંઈ એક–બે દિવસમાં મળે નહિ. એક–બે દિવસના ઉપર ઉપરના પરિશ્રમથી કાંઈ જીવન સફળ બને નહિ. જીવનને શુદ્ધ ને દિવ્ય બનાવવા અથવા પલટાવી નાંખવા સતત પરિશ્રમ કરવો પડશે, ગમે તેવા વાતાવરણમાંથી પણ માર્ગ કરવો પડશે. પુરુષ પુરુષાર્થી છે. હિંમત ને આશાથી ભરેલો છે. તેની ધગશ, હિંમત ને આશા કદી તૂટવી ન જોઈએ. જીવનને પ્રગતિની પરાકાષ્ટાએ પહોં-ચાડવાના પ્રયાસમાં તેણે કદી પાછા પડવું ન જોઈએ. ભલેને તેને સફળ થતાં દિવસો, મહિના, ને વરસો કે જન્મો લાગે. માર્ગમાં મુશ્કેલી આવે, તેથી હિંમત ન હારતાં, એક શૂરવીર સૈનિકની જેમ તેણે આગળ ને આગળ વધતા રહેવું જોઈએ. એ માટેની પ્રેરણા તેને નદી પાસેથી મળી શકે છે.

નદી વહેવા માંડે છે ત્યારે પોતાના માર્ગમાં આવતા પદાર્થોને ગણકારે છે ખરી? પોતાના સંગીતમાં તે એટલી બધી મસ્ત હોય છે કે તેની તરફ જોવાની પણ તેને ફુરસદ નથી. બધામાંથી માર્ગ કરીને તે આગળ ને આગળ ધપ્યે જાય છે. મોટાં મોટાં ઝાડને ઉખાડી નાંખીને આગળ વધ્યે જાય છે. પ્રગતિ ઝંખનારા સાધકે એવી સ્ફૂર્તિ, શક્તિ ને ઉત્કટતાથી આગળ વધવાનું છે. નદીને પોતાની ગુરુ બનાવવાની છે. અંતરાયને ગણકાર્યા વિના આળસુ થઈને ક્યાંય પણ અટક્યા વિના ને કશાથી પણ ડર્યા વિના તેણે આગળ વધવાનું છે. એવા મનોબળથી સંપન્ન સાધકને સિદ્ધિનો આનંદ જરૂર મળી જશે.

યોગેશ્વરજી

# * મોટા માણસોનો મોહ *

શરીરની મમતા ને શરીરના અધ્યાસમાં સાધારણ માણસો જ ફસાયેલા છે એમ નથી. જે લોકો પોતાને વિદ્વાન, પંડિત ને નેતા જેવા કહેવડાવે છે, ને જે સમાજ-માં મોટા થઈને ફરે છે ને ઉપદેશ આપે છે, તે પણ તેમાં ડૂબેલા છે. મોટી ઉંમરના માણસો તો અનેક જાતના અનુભવ કરીને ઘડાઈ ગયા હોય, છતાં આ બાબતમાં ઉંમર પણ અપવાદરૂપ નથી. મોટી ઉંમરના માણસોમાં પણ શરીરની મમતા ને અહંતા દેખાઈ આવે છે. જેને સદ્‌ગુરુનો ઉપદેશ મળ્યો હોય, તે માણસ કચરાની પેટી જેવા આ નાશવંત શરીરમાં પ્રીતિ કે મમતા કરતો નથી. તે તો શરીર ને આત્માને અલગ જાણે છે. તેથી આત્માનંદમાં મગ્ન રહે છે, ને શરીરના અધ્યાસથી છૂટી જાય છે.

શરીરના આકર્ષણ ને મોહમાંથી જેણે મુક્તિ મેળવી નથી, તેને સાચા અર્થમાં પંડિત, જ્ઞાની કે તત્ત્વવેત્તા કહી ના શકાય, એવો ગીતામાતાનો નમ્ર અભિપ્રાય છે, ને તે અભિપ્રાયની તરફ દુર્લક્ષ કરવાનું બરાબર નથી. શરીરના આકર્ષણથી પ્રેરાઈને કેટલાક વયોવૃદ્ધ જ્ઞાનીઓ પણ પ્રભુતામાં પગલાં માંડે છે. તેનું મૂળ કારણ તેની વિષયા-સક્તિ ને શરીરના ભોગોની ભૂખ જ છે. પોતાને જ્ઞાની માનતા ને મનાવતા માણસો માટે આ વસ્તુ શરમજનક છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.